પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૨૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૪-૦૫-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પાર્ટીએ ઘણું આપ્યું છે, હવે ઋણ ચૂકવવાનો સમય આવી ગયો છે,

## કેન્દ્ર સરકાર નફરત ફેલાવીને લઘુમતીઓને દબાવી રહી છે : સોનિયા ગાંધી



ઉદયપુર,

રાજસ્થાનના ઉદયપુરમાં આજથી કોંગ્રેસનું ત્રણ દિવસીય ચિંતન શિબિર શરૂ થઈ છે. જેમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત દેશભરમાંથી કોંગ્રેસના ૪૦૦ મોટા નેતાઓએ ભાગ લીધો હતો. સોનિયા ગાંધીએ ચિંતન શિબિરના પહેલા દિવસે કોંગ્રેસના નેતાઓને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન તેમણે કેન્દ્ર સરકાર પર પણ નિશાન સાધ્યું હતું. સોનિયા ગાંધીએ કહ્યું કે, વર્તમાન કેન્દ્ર સરકાર નફરત ફેલાવીને લઘુમતીઓને દબાવી રહી છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે, આપણે મોટા પ્રયાસોથી જ પરિવર્તન લાવી શકીએ છીએ, આપણે સંસ્થાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વ્યક્તિગત અપેક્ષા રાખવી પડશે. પાર્ટીએ ઘણું આપ્યું છે. હવે તમારે આપવાની જરૂર છે. ફરી એકવાર હિંમત બતાવવાની જરૂર છે. દરેક સંસ્થાએ ટકી રહેવા માટે પરિવર્તન લાવવાની જરૂર છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે, અત્યાર સુધીમાં તે સંપૂર્ણપણે અને પીડાદાયક રીતે સ્પષ્ટ થઈ ગયું છે કે પીએમ મોદી અને તેમના સહયોગીઓ તેમના 'મહત્તમ શાસન, લઘુત્તમ સરકાર' ના નારાનો અર્થ શું કરે છે. તેનો અર્થ એ છે કે દેશને ધ્રુવીકરણની કાયમી સ્થિતિમાં મૂકવો, લોકોને સતત ભય અને અસુરક્ષાની સ્થિતિમાં જીવવા માટે મજબૂર કરવું, આપણા સમાજ અને આપણા દેશના અભિન્ન અંગ એવા લઘુમતીઓ નિશાન બનાવવા અને દમન કરવું.

સોનિયા ગાંધીએ કહ્યું કે તમે અહીં મુક્તપણે તમારા વિચારો વ્યક્ત કરવા માટે સ્વતંત્ર છો, પરંતુ તે જ સમયે જે સંદેશ બહાર જવો જોઈએ તે એ છે કે સંસ્થા એક છે. કોંગ્રેસના ચિંતન શિબિરના પ્રારંભિક ભાષણમાં સોનિયા ગાંધીએ શિસ્તની લક્ષ્મણ રેખા દોરતા પક્ષના નેતાઓને ઋણ ચૂકવવાની અપીલ કરી. તેમણે કહ્યું કે કોંગ્રેસે આપણા બધાને ઘણું આપ્યું છે અને હવે લોન ચૂકવવાનો વારો છે. સોનિયા ગાંધીએ કહ્યું કે આપણે એ કરવાનું છે કે જ્યારે આપણે અહીંથી નીકળીશું ત્યારે નવી ઉર્જા, નવી પ્રતિબદ્ધતા અને પ્રેરણા સાથે નીકળીશું.

તેમણે કહ્યું કે દેશની જનતાને ફરી એકવાર કોંગ્રેસ પાસેથી ઘણી અપેક્ષાઓ છે અને આપણે તેને પૂર્ણ કરવા માટે બતાવવું પડશે. આ દરમિયાન સોનિયા ગાંધીએ પણ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે આજે દેશભરમાં મુસ્લિમો પર અત્યાચાર થઈ રહ્યો છે. તેઓ પણ સમાન નાગરિક છે અને તેમને પણ સમાન અધિકારો છે. તેમણે કહ્યું કે આજે નબળા વર્ગના લોકો ભોગ બની રહ્યા છે. ખાસ કરીને દલિતોને સજા થઈ રહી છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે મોદી સરકારના શાસનમાં દેશની અર્થવ્યવસ્થા પડી ભાંગી છે અને નોટબંધી બાદથી સતત ઘટાડાનો સમય ચાલી રહ્યો છે. તેમણે કહ્યું કે લોકોએ હવે માની લીધું છે કે અમને નોકરી મળવાની નથી. ખાનગીકરણની નીતિ પર સવાલ ઉઠાવતા સોનિયા ગાંધીએ કહ્યું કે એક તરફ રોજગારની નવી તકો ઉભી થઈ રહી નથી. બીજી તરફ લોકોના કલ્યાણ અને વિકાસમાં યોગદાન આપવા માટે બનાવેલી સરકારી કંપનીઓ વેચાઈ રહી છે. સોનિયા ગાંધીએ કહ્યું કે મોદી સરકારમાં દેશની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. લોકો મોટા પાયે બેરોજગાર બન્યા છે અને તેઓ યુપીએ સરકારની યોજનાઓથી જ બચી શક્યા છે.

સોનિયા ગાંધી પહેલા અશોક ગેહલોતે સ્વાગત પ્રવચનમાં ભાજપ પર નિશાન સાધ્યું અને કહ્યું કે જ્યારે ચૂંટણી નજીક હોય છે ત્યારે તેઓ હંગામો મચાવવા લાગે છે. તેમણે કહ્યું કે જે રાજ્યોમાં ચૂંટણી આવવાની છે ત્યાં તોફાનો થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે અમે કામ તો ઘણું કરીએ છીએ, પરંતુ ક્યારેય માર્કેટિંગ કરતા નથી. ગેહલોતે કહ્યું કે આ લોકો ગુજરાત મોડલની વાત કરે છે, પરંતુ કામ કરતા નથી.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અજય માકનને આશા છે કે આ ચિંતન શિબિરમાં જરુર મોટા નિર્ણયો લેવાશે. તેમણે કહ્યુ કે એક પરિવાર એક ટિકિટના નિયમને એક સુરમાં લોકોએ સ્વીકાર્યો છે.માકને વચન આપ્યુ છે કે ચિંતન શિબિર બાદ પાર્ટી સંગઠન સાથે જોડાયેલા ઘણા મોટા નિર્ણયો લેવામાં આવશે.

અજય માકને કહ્યું કે, પેનલના સભ્યોમાં એ વાત પર સંમતિ છે કે એક પાર્ટી એક ટિકિટનો નિયમ લાગુ કરવામાં આવે અને પાર્ટીના કોઈ પણ નેતાના પરિવાર કે સંબંધીને એકથી વધુ ટિકિટ ન આપવી જોઈએ. પાર્ટીમાં ટિકિટ મેળવવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૫ વર્ષ પાર્ટી સાથે કામ કરવું પડશે. જો કોઈ વ્યક્તિ લાંબા સમયથી કોઈ પદ પર હોય તો તેણે તે પદ પરથી રાજીનામું આપવું પડશે. ઓછામાં ઓછા ત્રણ વર્ષ તે પદથી દૂર રહ્યા પછી જ તે વ્યક્તિને ફરીથી તે જ પદ આપી શકાય છે. જ્યારે માકનને ગાંધી પરિવારને આ નિયમ લાગુ પડશે તેમ પુછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, આ નિયમો ગાંધી પરિવાર માટે નથી. કોંગ્રેસ અધ્યક્ષની પસંદગી સંગઠન ચૂંટણી પ્રક્રિયાથી કરવામાં આવશે. ચિંતન શિબિરનું કોંગ્રેસ અધ્યક્ષાની ચૂંટણી સાથે કઈ લેવાદેવા નથી.

## રાજ્યમાં આગામી બે દિવસ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે



અમદાવાદ,

ગુજરાતમાં કાળઝાળ ગરમીએ માઝા મૂકી છે. લોકો તાપથી ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, અમદાવાદમાં આવતીકાલે રેડ એલર્ટ જાહેર કરવામા આવ્યું છે. અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગરમાં સરેરાશ મહત્તમ તાપમાન ૪૭ ડિગ્રી નોંધાયું હતું. સતત બીજા દિવસે બપોરના સમયે ગરમીનો પારો ૪૭ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. ઉતરી પશ્ચિમી પવનના કારણે તાપમાનમાં વધારો નોંધાતા રાજ્યમાં આગામી બે દિવસ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. આ સાથે કચ્છ, રાજકોટ, ભાવનગરમાં હિટવેવ જ્યારે સૌરાષ્ટ્રમાં કેટલાક વિસ્તારમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.

અમદાવાદમાં સતત બીજા દિવસે ૪૬ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયુ છે. જે આ સિઝનમાં નોંધાયેલું સૌથી વધુ તાપમાન છે. અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ચાર ડિગ્રીનો વધારો નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, અમદાવાદમાં આગામી ૧૮ મે સુધી તાપમાન ૪૩ ડિગ્રીથી નીચે જવાની સંભાવના નહિવત્ છે. અમદાવાદમાં સવારથી જ હિટવેવ શરૂ થઈ જાય છે અને બપોરે ૨ થી ૪ વચ્ચે તાપમાન ૪૭ ડિગ્રી થયું હતું. આ અમદાવાદ જાણે અગનભઠ્ઠીમાં ફેરવાઈ ગયુ હતુ ત્યારે નાગરિકો પણ તોબા પોકારી ગયા છે.

આ વધતા હિટવેવને કારણે ડિહાઈડ્રેશન, ઝાડા-ઉલ્ટી, ચક્કર આવવાથી પડી જવાના કેસમાં પણ વધારો જોવા મળ્યો હતો. અમદાવાદમાં ગુરૂવારે સામાન્ય કરતા ૪ ડિગ્રી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે ૩ ડિગ્રી વધુ લઘુતમ તાપમાન રહ્યું હતું. લઘુતમ તાપમાન ૨૯.૬ ડિગ્રી તેમજ મહત્તમ ૪૫.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતું. આમ દર ત્રણ કલાકે પાંચ ડિગ્રી સુધીના તાપમાનમાં વધારો નોંધાયો હતો.

ગ્રીન સિટી ગાંધીનગરમાં ૪૬ ડિગ્રી નોંધાયો હતો. હવામાનની આગાહી પ્રમાણે, આગામી ૩ દિવસ ગાંધીનગરમાં ૪૩ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાઈ શકે છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર, અમરેલી, જુનાગઢ, રાજકોટ, વડોદરા, ડીસા, પાટણમાં તાપમાન ૪૩ ડિગ્રીથી વધારે નોંધાયું હતું. રાજકોટમાં ૪૪.૩ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ચાર ડિગ્રીનો વધારો નોંધાયો હતો. આ સાથે હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી આગાહી અનુસાર આગામી બે દિવસ ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, બોટાદ, કચ્છમાં કાળઝાળ ગરમીને પગલે યલો એલર્ટ રહેશે.

તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે કે, લોકોએ ખાસ કરીને બપોરે કે જ્યારે સૌથી વધારે ગરમીની અસર જોવા મળતી હોય છે તેવા સમયે ઘરની બહાર નીકળવું ન જોઈએ. ઝાડના છાયડામાં બેસવું કે પછી ઘરમાં પંખા, કુલર કે એસી નીચે બેસી રહેવું, શક્ય તેટલું પાણી વધારે પીવું, લીંબુ શરબત, સોડા સહિતના ઠંડા પીણા પણ વધારે માત્રામાં લેવા હિતાવહ છે. બાળકો, વૃદ્ધો, અશક્તો, બીમાર લોકોએ તો ઘરની બહાર ન જવું જોઈએ. સુતરાઉ કપડા પહેરવા, માથે ટોપી, રૂમાલ બાંધવો, હાથ મોજા ખાસ પહેરવા જોઈએ.

## આવનારા સમયમાં જનતાને મોંઘવારીમાંથી રાહત મળશે : નાણા મંત્રાલયનો દાવો



નવીદિલ્હી,

ભારતમાં મોંઘવારી અટકવાનું નામ નથી લઈ રહી. આજે ખાદ્ય ચીજવસ્તુઓથી લઈને ઈંધણ અને વીજળીના ભાવમાં થયેલા વધારાને કારણે જનતાના ખિસ્સા પર બોજ વધી ગયો છે. ગુરુવારે જાહેર કરાયેલા આંકડા અનુસાર દેશમાં છૂટક મોંઘવારી આઠ વર્ષની ટોચે પહોંચી ગઈ છે. જો કે આ બધાની વચ્ચે નાણા મંત્રાલયનો દાવો છે કે આવનારા સમયમાં જનતાને મોંઘવારીમાંથી રાહત મળશે.

સરકાર દ્વારા ગુરુવારે દેશમાં છૂટક ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. આને જોઈએ તો એપ્રિલ મહિનામાં સીપીઆઈ વધીને ૭.૭૯ ટકા થઈ ગયો છે. તેના કારણે ગત માર્ચમાં છૂટક મોંઘવારી દર ૬.૯૫ ટકાના દરે વધ્યો હતો. અત્રે જણાવી દઈએ કે ૧૨ મેના રોજ ડેટા જાહેર થયા પહેલા ફાઈનાન્સ એક્સપર્ટને ટાંકીને કેટલાક રિપોર્ટમાં અનુમાન લગાવવામાં આવ્યું હતું કે એપ્રિલમાં રિટેલ ફુગાવો ૧૮ મહિનાની ટોચે પહોંચી શકે છે અને તે ૭.૫ ટકા પર રહી શકે છે.

નાણા મંત્રાલયે એપ્રિલ માટેના તેના માસિક સમીક્ષા અહેવાલમાં જણાવ્યું છે કે ભારતીય રિઝર્વ બેંક અને કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ફુગાવાના સમયગાળામાં ઘટાડો કરશે. મોટાભાગે આ ક્રૂડ ઓઈલ અને ખાદ્ય તેલના ભાવમાં થયેલા વધારાને કારણે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે એકંદર માંગ ધીમે ધીમે સુધરી રહી હોવાથી સતત ઊંચા ફુગાવાનું જોખમ ઓછું રહે છે.

નોંધનીય છે કે દેશમાં વધી રહેલી મોંઘવારી પર અંકુશ મેળવવા માટે આરબીઆઈએ ભૂતકાળમાં રેપો રેટમાં ફેરફાર કર્યો છે. રિઝર્વ બેંકે નીતિગત વ્યાજ દરોમાં ૪૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો હતો, ત્યારબાદ તે વધીને ૪.૪૦ ટકા થયો હતો. મે ૨૦૨૦ પછી પહેલીવાર પોલિસી દરોમાં વધારો કરવામાં આવ્યો છે. એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આરબીઆઈ હવે વધુ વ્યાજ દરો વધારી શકે છે. ગુરુવારે જાહેર કરાયેલા ક્રિસિલના રિપોર્ટ અનુસાર જૂનમાં તે વ્યાજ દરમાં એક ટકા સુધીનો વધારો કરી શકે છે.

નાણા મંત્રાલયના અહેવાલમાં જણાવાયું છે કે વધતા જતા ફુગાવા છતાં સરકારનો મૂડી ખર્ચ આધારિત રાજકોષીય માર્ગ જે બજેટ ૨૦૨૨-૨૩ માં નિર્ધારિત કરવામાં આવ્યો છે, તે અર્થતંત્રને લગભગ રૂપિયાના દરે વૃદ્ધિ કરવામાં મદદ કરશે. આ આઠ ટકાની વૃદ્ધિ નોંધાવવામાં મદદ કરશે. ફોરેક્સ રિઝર્વનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે ૨૯ એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ ૫૯૭.૭ બિલિયન ડોલર રહ્યું હોવા છતાં તે રોકાણ અને વપરાશને નાણા આપવા માટે લગભગ ૧૧ મહિનાનું આયાત કવર પૂરું પાડે છે.

## ગૃહ રાજ્યમંત્રી બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ક્રિકેટમાં હાથ અજમાવ્યો



સુરત,

ગૃહ રાજ્યમંત્રી બાદ મુખ્યમંત્રીએ ક્રિકેટ પર હાથ અજમાવ્યો છે.સુરત ખાતે મેયર્સ કપમાં મુખ્યમંત્રી ક્રિકેટ રમ્યા હતા.બેટ લઈને આકર્ષક અંદાજમાં શોટ્સ રમ્યા હતા.ઓલ ગુજરાત ઈન્ટરકોર્પોરેશન મેયર્સ કપમાં ઝસ હાજર રહ્યા હતા.૮ મનપાના મેયર અને કમિશ્નરની ટીમોએ ભાગ લીધો હતો.મુખ્યમંત્રીએ તમામ ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વેલિયન્ટ પ્રીમિયલ લીગની ટ્રોફી ખુલ્લી મુકી હતી. આ પ્રસંગે તેમણે ગુજરાતના ગ્રામિણ ખેલાડીઓને આગળ વધવા માટે મદદ કરવાનુ વચન તેઓએ આપ્યુ હતુ. આ દરમિયાન મુખ્યમંત્રીએ વિપુલ નારીગરા સામે ક્રિકેટના પ્રેમને રોકી શક્યા નહોતા અને ઈંગ્લીશ વિલો બેટ ખેલાડી પાસે માંગી લીધુ હતુ. આમ તેમનો ક્રિકેટનો શોખ અચાનક જાગી ઉઠ્યો હતો. તેઓ બેટને મેળવવાની તમન્નાને રોકી શક્યા નહોતા. તેઓએ બેટને જોઈને જ કહ્યુ હતુ કે, હું પણ ક્રિકેટનો શોખીન છું. મારે પણ આવુ બેટ જોઈએ છે. તેમની ઈચ્છાને જોઈને પ્લેયર્સે પણ તેમને બેટ ગીફ્ટ કરવાની ઈચ્છા દર્શાવી હતી. વિપુલ નારીગરાએ મુખ્યમંત્રીને બેટ ગિફ્ટ કર્યુ હતુ.

## નલિન ઉપાધ્યાય GPSCના નવા ચેરમેન બન્યા



ગાંધીનગર,

નલિન ઉપાધ્યાયને જીપીએસસીના નવા ચેરમેન નિયુક્ત કરાયા છે. દિનેશ દાસાનો કાર્યકાળ પૂરો થતાં આજથી નલિન ઉપાધ્યાયને નવો ચાર્જ સોંપાયો છે. મહત્વનુ છે કે, નલીન ઉપાધ્યાયને આજથી જ ચાર્જ સોંપાયો છે. અત્યાર સુધી નલીન ઉપાધ્યાય જીપીએસસીના સભ્ય હતા. આજ વર્ષે એપ્રિલ મહિનામાં જીપીએસસીમાં મહત્વની નિમણુંક કરાઈ હતી. તેમાં નલીન ઉપાધ્યાય, આશા શાહ, અશોક ભાવસર, સુરેશ ચંદ્ર પટેલને સભ્ય તરીકે નિમણૂંક અપાઈ હતી. લાંબા સમયથી જીપીએસસીમાં આ જગ્યાઓ ખાલી પડી હતી. ઉલ્લેખનીય છે કે, વિધાનસભાની ચૂંટણીના વર્ષ ૨૦૨૨માં સરકારમાંથી ૧૭ આઈએએસ અધિકારીઓ નિવૃત્ત થઇ રહ્યાં છે. જેમાં નલિન ઉપાધ્યાયનુ નામ પણ સામેલ છે. જોકે, હવે ગુજરાત વહીવટી સેવામાંથી આઈએએસ તરીકે નોમિનેટ થયેલા અધિકારીઓની સંખ્યા વધતી જાય છે.

## હિમાચલ બાદ અરુણાચલમાં પણ ૩.૫ની તિવ્રતાનો ભૂકંપ

શિમલા,

હિમાચલ પ્રદેશ બાદ શુક્રવારે અરુણાચલ પ્રદેશમાં પણ ભારે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. કહેવાય છે કે, ભૂકંપના આ ઝટકા બપોરે લગભગ ૧૨.૪૦ કલાકની આસપાસ અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર આ ઝટકાની તિવ્રતા ૪.૨ ની હતી. આ અગાઉ શુક્રવારે સવારે હિમાચલ પ્રદેશમાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. કહેવાય છે કે, ભૂકંપનું કેન્દ્ર અરુણાચલ પ્રદેશના ચાંગલાંગથી ૨૨૨ કિમી દક્ષિણમાં હતું. જો કે, ભૂકંપના કારણે અત્યાર સુધી જાનમાલનું કોઈ નુકસાન થયું તેવી ખબર આવી નથી.

આ અગાઉ હિમાચલ પ્રદેશમાં પણ શુક્રવારે સવાર ૭ કલાકને ૪૬ મીનિટે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તિવ્રતા ૩.૫ હતી, ભૂકંપનું કેન્દ્ર ધર્મશાળાથી ૫૭ કિમી ઉત્તર-ઉત્તર પશ્ચિમમાં હતું. જો કે, ભૂકંપની તિવ્રતા ખૂબ ઓછી હતી. ત્યારે આવા સમયે હજૂ સુધી જાનમાલના નુકસાનના કોઈ સમાચાર આવ્યા હતા.

આ અગાઉ ૧૧મેના રોજ ઉત્તરાખંડના પિથૌરાગઢમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. જ્યાં ભૂંકપ આવ્યો હતો, તે નેપાળની સરહદથી અડીને આવેલો વિસ્તાર છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તિવ્રતા ૪.૬ માપવામા આવી હતી. આ દરમિયાન પણ કોઈ નુકસાન થયું નહોતું.

## અમિતશાહના ખાસ માનિતા અધિકારીને યોગીએ હટાવી દીધા, ચૂંટણી જીતતાં જ તાકાતવર બન્યાં

લખનૌ,

ઉત્તર પ્રદેશના પોલીસ વડા મુકુલ ગોયલને હટાવીને યોગી આદિત્યનાથે સોપો પાડી દીધો છે. મુકુલ ગોયલને યોગીએ નાગરિક સુરક્ષા બાબતના ડીજી બનાવીને નગણ્ય હોદ્દા પર મૂકી દીધા છે. મુકુલ ગોયલ ૧ જુલાઈ ૨૦૨૧ના રોજ યુપીના પોલીસ વડા બન્યા હતા, એ જોતાં ૧૧ મહિનામાં જ તેમનો કાર્યકાળ પૂરો થઈ ગયો છે. ૧૯૮૭ બેચના આઈપીએસ અધિકારી મુકુલ ગોયલને ગુરૂવાર સાંજે તાત્કાલિક અસરથી કાર્યભાર છોડવાનું કહેવાયું હતું.

યોગી સરકારે મુકુલ ગોયલ ઉપર શાસનને લગતા કાર્યોમાં બેદરકારી દાખવવાનો આરોપ મૂક્યો છે પણ ભાજપનાં સૂત્રોના મતે, ગોયલ અમિત શાહની નજીક હોવાથી યોગીએ તેમનું પત્તું કાપી નાંખ્યું છે. ગોયલ ૨૦૧૬થી કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર હતા. શાહ કેન્દ્રીય ગૃહ મંત્રી બન્યા પછી શાહની નજીક આવેલા ગોયલને બીએસએફના વડાના પ્રતિષ્ઠિત હોદ્દા પર મૂકાયા હતા.

ગયા વર્ષે યુપીના પોલીસ વડાની પસંદગી વખતે યોગી ગોયલને નહોતા ઈચ્છતા પણ એ વખતે શાહનો વિરોધ કરવાની સ્થિતીમાં નહોતા તેથી કમને ગોયલને સ્વીકાર્યા હતા. હવે ફરી ચૂંટણી જીતતાં જ તાકાતવર બનેલા યોગીએ ધાર્યું કર્યું છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર.એસ. બારીઆ
મુ. વાઘજીપુર, તા.શહેરા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સુરેશભાઈ ભારતસિંહ બારીઆ
મુ. વાઘજીપુર, તા.શહેરા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એલ.એમ. બારીઆ
મુ. ધામણોદ, તા.શહેરા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગાયત્રી ગ્રાહક ભંડાર
મુ. નાડા-૨, તા.શહેરા, જી. પંચમહાલ

તા.૧૪/૦૫/૨૦૨૨
શનિવાર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગરપાલિકા દ્વારા વડાપ્રધાનના સ્વચ્છ ભારત અભિયાન સૂત્રોના ધજાગરા ઉડાડ્યા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં ઘણા સમયથી નગરના વિવિધ વિસ્તારોમાં કુલ ૭ વોર્ડ આવેલા છે. દરેક વોર્ડમાં ગટરની સફાઇ માટે નગરપાલિકામાં રોજ ની રજૂઆત થતી હોય છે, પરંતુ નગરપાલિકામાં રજૂઆત કર્યા કરો પણ તેનો નિકાલ કેસ ફાઈલ કરવા માટેની રજૂઆત સાંભળવામાં આવતી જ નથી સૌથી મોટી વાત છે. સંતરામપુર નગરમાં કેટલાક એવા વિસ્તારો છે નગરપાલિકાની સફાઈ કરવા માટે યાદીમાં જ નથી એવો જ વિસ્તાર ગોધરા ભાગોળ પારસમણી હોસ્પિટલ અને નંદકિશોર હોસ્પિટલની બિલકુલ બાજુમાં સંખ્યાબંધ દર્દીઓ હાલમાં થઈને સારવાર લઈ રહ્યા છે. એની બાજુમાં સંયુક્ત પરિવાર રહે છે. આ બાબતને નગરપાલિકામાં રજૂઆત પણ રજૂઆત પરંતુ સફાઈની કામગીરી થતી જ નથી. સંતરામપુર નગરપાલિકાના ચીફ ઓફિસર આશરે સંતરામપુરમાં ફરજ પર બે વર્ષ ઉપરાંત થઈ ગયા છે, પરંતુ નગરના વિસ્તારોની આજ દિન સુધી કરવામાં જ આવેલી નથી. નગરપાલિકાના ચીફ ઓફિસર પોતાના ચેમ્બરમાંથી ખુરશી પરથી ઉઠીને નગરના વિવિધ વિસ્તારોની વિઝીટ કરી હોય તો ખબર પડે એ લોકો કેટલી તકલીફ વેઠી રહ્યા છે. નિયમ મુજબ નગરપાલિકાના ચીફ ઓફિસરને નગરપાલિકાના કર્મચારીઓ ફરજ બજાવતા તેમનું રોજનું રોજ કામ રોજ લેવામાં આવતું હોય છે, પરંતુ આજદિન સુધી રોજકામ કર્મચારીઓનું પૂછવા નથી આવ્યું જો આ વસ્તુ ખરેખર કર્મચારીને પૂછવામાં આવ્યું હોય સ્થાનિક લોકોની આટલી રજૂઆત નગરપાલિકા સુધી આવતી જ નહીં અને સ્થાનિક લોકોને મુશ્કેલી પડતી જ નહીં નગરપાલિકામાં નિયમ મુજબ હેલ્પલાઇન નંબર રજૂઆતનું રજીસ્ટર જેની અંદર લોકોની રજૂઆત અને કમ્પ્લેન કરેલી હોય પરંતુ નક્કર આયોજન સ્થાનિક લોકો રજૂઆત કરવા જાય ઓફિસમાં કોને મળવું કોની વાત કરવી સૌથી મોટો પ્રશ્ન ઊભો થાય છે. કારણ કે, ઓફિસરનું દિવસભર ઓફિસનો દરવાજો બંધ કરી દે છે. જ્યારે બીજા કર્મચારીને પૂછવું હોય ત્યાંથી યોગ્ય જવાબ ન મળતો હોય છે. ઓફિસર પોતાની ખુરશી પરથી ઉભા થવા તૈયાર જ ચુંબકની જેમ ચીપકી રહે છે. જો ખરેખર ઉચ્ચ અધિકારી મુલાકાત લે, સંતરામપુર નાગરિકોની મુલાકાત લઈ તપાસ કરે પણ નગરપાલિકાની સત્ય હકીકત અધિકારીઓને મળી શકે છે. વધુમાં કે નગરપાલિકામાં ૨૪ સભ્યો અલગ અલગ વિસ્તારોમાં સંતરામપુર નાગરિકો ચૂંટાઈને લાવ્યા છે. આજે ચાર વર્ષ પુરા થઈ ગયા સભ્યોના ૨૪માંથી એ પણ સભ્યોએ પોતાના વિસ્તારમાં જઈને એક પણ વાર વિઝીટ કરી નથી કે મુલાકાત લીધી નથી. ગમે ત્યારે જુઓ ત્યારે નગરપાલિકાના કમ્પાઉન્ડમાં નગરપાલિકાની ઓફિસમાં ધામા નાખીને બેસી રહેલા હોય છે. ચાર વર્ષમાં સંતરામપુર નગરમાં પ્રાથમિક સુવિધા પુરી પાડી હોય વિકાસના કામો કર્યા હોય સંતરામપુરમાં જોવા મળતા આવી પરિસ્થિતિ સંતરામપુર નગરમાં નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. નિયમ મુજબ ૩૬૫ દિવસમાં દર મહિને અલગ અલગ વિસ્તારોમાં દવા છંટકાવની કામગીરી કરવાની ફરજ હોય છે, પરંતુ જ્યારે પણ રજૂઆત કરે તો પછી વાર તહેવાર હોય ત્યારે ક્યારે નગરપાલિકાની આંખો ખુલે છે. હવે દવા છાંટવી જોઈએ સરકાર તરફથી સ્વચ્છતા માટે અને પ્રાથમિક સુવિધા માટે પેટ ભરીને ગ્રાંટ ચૂકવવામાં આવે છે કેમ છતાંય નગરપાલિકા સંતરામપુર નગર માટે સફાઈ કરવામાં કેમ નિષ્ફળ બની નગરમાં ચર્ચાનો વિષય બન્યો.

# સુરતમાં કાપડ બજારમાં યુવા વેપારી કરોડોનું ઉઠમણું કરી ફરાર થઈ જતાં ખળભળાટ





સુરત,
સુરત કાપડ બજારમાં ફરી ઉઠમણાનો દોર શરૂ થયો છે. તાજેતરમાં સુરત ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટના વેપારીએ ૬૫ કરોડનું ઉઠમણું કર્યું હોવાની ચર્ચાથી વેપારીની ચિંતા વધી છે. ઉઠમણાથી ૧૦૦થી વધારે વેપારીઓના નાણા ફસાયા છે. ટેક્સટાઈલ માર્કેટમાં આ અત્યારસુધીનું સૌથી મોટું ઉઠમણનું છે. ટેક્સટાઈલ માર્કેટમાં મંદીના માહોલ વચ્ચે ૬૫ કરોડ રૂપિયાનું ઉઠમણું વધીને ૯૦ કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. તેવામાં વિવર્સ આગેવાનો આવતીકાલે આ મામલે રાજ્યના ગૃહમંત્રીને મળીને રજુઆત કરશે. ઉઠમણાના કેસમાં દિક્ષિત મિયાણી મુખ્ય આરોપી હોવાનું તેમજ અનાસ મોતયાણી અને સ્મિત છટબાર તેના સાગરીત હોવાનું ટેક્સટાઇલ વેપારીઓ કહી રહ્યા છે. આ મામલે હાલ કોઈ ફરિયાદ મળી નથી. સામે આવેલી તસવીરો પણ વેપારીઓ તરફથી વાયરલ કરવામાં આવી છે.

સુરત આમ તો કાપડ માર્કેટનું સૌથી મોટું હબ છે. આ દરમિયાન કોરોના અને મંદી વચ્ચે એક વેપારી ૬૫ કરોડ રૂપિયાનું ઉઠમણું કરીને ફરાર થઈ જતા સમગ્ર કાપડ માર્કેટમાં ચકચાર મચી જવા પામી છે. ઉઠામણા બાદ વેપારીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સહારા દરવાજા, જૂની બોમ્બે માર્કેટની સામે આવેલી ગ્લોબ ટેક્સટાઈલ માર્કેટમાં છેલ્લાં થોડાં વર્ષોથી ટેક્સટાઈલ ટ્રેડિંગનો વેપારી કરતા ?૨૬ વર્ષના યુવકે ભાગીદારીમાં અલગ અલગ બે કંપનીઓ શરૂ કરી હતી. જે દોઢ વર્ષથી માર્કેટમાં દુકાન ભાડે રાખી વેપાર કરતો હતો. આ દરમિયાન વેપારી ગાયબ થતાં ઉધાર કાપડ આપનાર વિવર્સોની મુશ્કેલી વધી ગઈ હતી. આ ૨૬ વર્ષ વેપારી આયોજનપૂર્વક ઉઠમણું કરી ૬૫ કરોડનો માલ લઈને રૂપિયા નહીં ચૂકવી દુકાન બંધ કરી દીધી છે. ભોગ બનનાર અમુક વિવર્સો હજી સામે આવી રહ્યાં નથી. પરંતુ કુલ ૯૦ કરોડ રૂપિયા સુધીનું ઉઠમણું થયું હોવાનું વિવર્સો કહી રહ્યાં છે.

ઉઠમણામાં ૧૦૦ વિવર્સોના રૂપિયા ફસાયા છે. હવે ઉઠમણું કરનાર પાર્ટીની દુકાન ખોલવા માટે પરવાનગી લેવામાં આવશે. ત્યારબાદ તેમાં જે માલ હશે તે ટકાવારી પ્રમાણે ભોગ બનેલા વિવર્સોને આપવામાં આવશે. ઉઠમણાના સમાચાર બાદ અમુક વિવર્સોએ ભાગી જનારા વેપારીના ઘરે અને તેમના ખાતા પર જઈને તપાસ કરી હતી. જોકે, તપાસ દરમિયાન ઉઠમણું કરનાર પાર્ટીએ ઘરનું અને ખાતાનું એડ્રેસ પણ ખોટું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત ઉઠમણું કરનાર યુવકના પિતાને ફોન કરતાં તેમણે કોઈ જવાબ આપ્યો ન હતો.

હાલ ભોગ બનનારા વિવિર્સ ઉઠમણું કરનાર વિરુદ્ધ વિવિધ પુરાવા એકઠા કરી રહ્યા છે. આ મામલે હવે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીને પણ રજુઆત કરવામાં આવશે. બીજી તરફ જે દલાલો મારફતે માલ વેચાયો છે તેમનો પણ સંપર્ક કરવામાં આવી રહ્યો છે. ઉઠમણું કરનાર પાર્ટીએ જેમને માલ આપ્યો છે તેમનો પણ સંપર્ક થઈ રહ્યો છે. હાલ ૨૬ વર્ષના વેપારીએ કરેલા ઉઠમણાને પગલે હાલ કાપડ માર્કેટમાં ડરની સાથે સાથે ચિંતાનો માહોલ બની ગયો છે.

# ભારતના દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ગરમીનો પારો ૨ થી ૩ ડિગ્રી વધશે

નવીદિલ્હી,
ભારતના ઘણા ભાગોમાં કેટલાક દિવસોથી ભીષણ ગરમી પડી રહી છે. મોસમ વિભાગે આવનાર દિવસોમાં ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં લૂ ની સ્થિતિની ભવિષ્યવાણી કરી છે. મોસમ વિભાગના મતે આગામી ચાર દિવસો દરમિયાન ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં લૂ ની સંભાવના છે. આઈએમડીએ કહ્યું કે આગામી ત્રણ દિવસો દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન અને મધ્ય ભારતના ઘણા ભાગમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે અને આ પછી કોઈ મહત્વપૂર્ણ ફેરફાર થશે નહીં.

આઈએમડીના મતે ગુજરાતમાં બે દિવસો પછી અધિકતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. દેશના બાકી ભાગમાં તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થશે નહીં. મોસમ વિભાગે પોતાના બુલેટિનમાં ૧૫ મે સુધી પશ્ચિમી રાજસ્થાનમાં અલગ-અલગ સ્થાનો પર ગંભીર હિટવેવની સ્થિતિ અને ૧૪ મે સુધી હિટવેવની સ્થિતિની ભવિષ્યવાણી કરી છે. આઈએમડીએ કહ્યું કે ૧૪ મે થી ૨૦ મે દરમિયાન પૂર્વી રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં અલગ-અલગ કેટલાક સ્થાનો પર હિટવેવની સ્થિતિ ઘણી વધારે છે. દક્ષિણ હરિયાણા, દક્ષિણ પંજાબ, દિલ્હી, જમ્મુ અને વિદર્ભમાં આવું જ મોસમ રહેશે.

આંધ્રના મોટા ભાગના વિસ્તારમાં હળવોથી મધ્યમ વરસાદ, કેટલાક સ્થાનો પર ભારે વરસાદ અને તટીય વિસ્તારમાં અત્યાધિક ભારે વરસાદની સંભાવના છે. ગુંટૂર અને કૃષ્ણા સહિત તટીય આંધ્રના જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે કહ્યું છે કે ૧૪ મે સુધી મધ્ય અને ઊંચા પર્વતીય વિસ્તારોમાં વરસાદ અને કરા પડવાની સંભાવના છે. મેદાની અને નીચાણવાળા વિસ્તારોમાં હવામાન સ્વચ્છ રહેશે. આકરા તડકા અને ભેજવાળા પવનોને કારણે વારાણસી સહિત ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં ભેજને કારણે લોકો પરેશાન થઈ ગયા હતા. બપોરના સમયે જોરદાર ગરમી અને ગરમીના કારણે અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ચાલીસને પાર નોંધાયો હતો. જો કે, બુધવારે કેટલાક ભાગોમાં ઝરમર વરસાદના સમાચાર સામે આવ્યા હતા.

# પંજાબમાં દિવાલો પર લખ્યુ ખાલિસ્તાન જિંદાબાદ, એલર્ટ પર પોલીસ, સીસીટીવીની તપાસ ચાલુ

ચંડીગઢ,
પંજાબમાં ખાલિસ્તાનનો મુદ્દો ફરી ગરમાયો છે. શુક્રવારે ફરીદકોટની બાઝીગર બસ્તીમાં એક પાર્કની દિવાલ પર 'ખાલિસ્તાન ઝિંદાબાદ'ના નારા લખવામાં આવ્યા છે. પંજાબ પોલીસ આને લઈને સતર્ક થઈ ગઈ છે. એસએસપીએ કહ્યું કે અમારી ટીમ ત્યાં હાજર છે. સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે.

તેની તપાસમાં અનેક ટીમો કામ કરી રહી છે. પોલીસને એલર્ટ પર રાખવામાં આવી છે. આ સાથે નાકા ચેકપોસ્ટ પણ લગાવવામાં આવી છે. તે જ સમયે, આ પહેલા ગઈકાલે એટલે કે ગુરુવારે, આ મામલો સિરમૌરના પાઓંટા સાહિબમાં પણ જોવા મળ્યો હતો. જ્યાં એક ઘર પર ખાલિસ્તાની ઝંડો ફરકાવવામાં આવી રહ્યો હતો. પોલીસ કાર્યવાહીમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ ધ્વજ એક સગીર દ્વારા તેના ઘરની છત પર લગાવવામાં આવ્યો હતો.

મામલો સામે આવતાં જ પાઓંટા સાહિબમાં ખળભળાટ મચી ગયો હતો. હિમાચલના આ ઔદ્યોગિક વિસ્તારમાં શીખોની મોટી વસ્તી છે અને એક ઐતિહાસિક ગુરુદ્વારા પણ છે. જ્યાં પંજાબથી હજારો લોકો અહીં આવે છે. આ જ કારણ છે કે મામલાની ગંભીરતાને જોતા પોલીસ સતર્ક બની છે. પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, પાઓંટા સાહિબ મ્યુનિસિપલ કાઉન્સિલના વોર્ડ નંબર દસમાં એક સગીર છોકરાએ થોડા દિવસો માટે આ ધ્વજ તેના ઘરની છત પર લગાવ્યો હતો.

જ્યારે લોકોએ પાઓંટા સાહિબમાં પણ ભિંડરવાલાના ધ્વજને જોયો તો તેનો વીડિયો બનાવીને વાયરલ કર્યો અને પોલીસને પણ જાણ કરી. પાઓંટા પોલીસે એક સગીર છોકરા સામે ભિંડરાવાલાના ઘર પર ધ્વજ ફરકાવવા બદલ કેસ નોંધ્યો છે. ઘટનાસ્થળે પહોંચીને પોલીસે ખાલિસ્તાની ભિંડરાનવાલેના ધ્વજ ફરકાવા અંગે પૂછપરછ કરી. પાઓંટા સાહિબ વોર્ડ નંબર દસમાં એક ઘરની છત પર ઘણા દિવસો સુધી ખાલિસ્તાની ઝંડો લહેરાવવામાં આવ્યો હતો, જેમાં ભિંડરાનવાલેનો ફોટો પણ લગાવવામાં આવ્યો હતો. સાથે જ આ સમગ્ર મામલાની તસવીરો અને વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

# પંજાબી ગીતોમાં "ગન અને ગેંગસ્ટર કલ્ચર" પર કડક થયા : ભગવંત માન



ચંદીગઢ,
પંજાબના ગીતોમાં મોટેભાગે ગન અને ગેંગસ્ટર કલ્ચરને મહત્વ આપવામાં આવે છે. જેના પર હવે મુખ્યમંત્રી ભગવંત માને કડકાઈ દાખવી છે. ગુરુવારે સીએમ માને એ પંજાબી સિંગર્સને ચેતવણી આપી જે કથિત રીતે પોતાના ગીતોમાં 'બંદૂક કલ્ચર'ને પ્રોત્સાહન આપી રહ્યા છે. એટલુ જ નહિ ગન અને ગેંગસ્ટર કલ્ચરની નિંદા કરીને તેમણે સ્પષ્ટ કહ્યુ છે કે એવા લોકો પર કડકાઈ કરવામાં આવશે.

પંજાબના સીએમે ગાયકોને પંજાબ, પંજાબી અને પંજાબિયતનુ સમ્માન કરવા પર જોર આપ્યુ. સાથે જ કહ્યુ કે આવા ગીતો દ્વારા સમાજ વિરોધી ગતિવિધિઓને પ્રોત્સાહન આપવાના બદલે ભાઈચારો, શાંતિ અને સદભાવના બંધનને બતાવો. માને એ ગાયકોને પંજાબના કલ્ચરને પ્રોત્સાહન આપવામાં ક્રિએટીવ રોલ નિભાવવા માટે વધુ જવાબદાર બનવા માટે કહ્યુ.

મુખ્યમંત્રી કાર્યાલય તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ કે આવા ગાયકો પર હાવી થવુ અમારી મુખ્ય ફરજ છે કે તે પોતાના ગીતોના માધ્યમથી હિંસાને પ્રોત્સાહિત ના કરે જે હંમેશા યુવાનોને પ્રભાવિત કરે છે. સરકારી નિવેદન મુજબ પહેલા અમે તેમને અનુરોધ કરીએ છીએ કે આ પ્રકારની પ્રવૃત્તિને પ્રોત્સાહન ન આપે નહિતર સરકારે તેમની સામે કડક કાર્યવાહી કરવા માટે મજબૂર થવુ પડશે.

મુખ્યમંત્રીએ માદક પદાર્થોના મુદ્દે ડીસી અને એસએસપી સાથે એક હાઈ લેવલ મીટિંગ દરમિયાન આ વાત કહી. તમને જણાવી દઈએ કે છેલ્લા થોડા સમયથી પંજાબના અમુક ગાયકો પર બંદૂક કલ્ચરને પ્રોત્સાહ આપવા અને હિંસાને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવવામાં આવી ચૂક્યો છે. ગયા વર્ષે પૂર્વ સીએમ અમરિંદર સિંહે પણ એક પંજાબી સિંગરની ધરપકડનુ સમર્થન કર્યુ હતુ જેના પર પોતાના ગીત દ્વારા બંદૂક અને ગેંગસ્ટર કલ્ચરને પ્રોત્સાહન આપવાનો આરોપ લાગ્યો હતો.

# બ્રહ્મોસ એર લોન્ચ મિસાઈલની એક્સટેન્ડેડ રેન્જનું સફળ પરીક્ષણ

નવીદિલ્હી,
ભારતે બ્રહ્મોસ એર લોન્ચ મિસાઈલન નવા વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યું છે. આ બ્રહ્મોસ મિસાઈલને સુખોઈ-૩૦ એમકેઆઈ યુદ્ધ વિમાન પરથી લોન્ચ કરવામાં આવી હતી. વિમાન પરથી મિસાઈલનું પ્રક્ષેપણ યોજના મુજબ જ રહ્યું. મિસાઈલે બંગાળની ખાડીમાં પોતાના ટાર્ગેટ પર સીધો પ્રહાર કર્યો. આ સાથે જ ભારતીય વાયુસેનાએ ઘણા લાંબા અંતર સુધી જમીન કે સમુદ્રમાં ટાર્ગેટ પર સુખોઈ વિમાન પરથી નક્કર હુમલો કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી લીધી છે.ભારતીય વાયુસેના, ભારતીય નેવી, ડીઆરડીઓ, બીએપીએલ અને હિન્દુસ્તાન એરોનોટિકલના સંયુક્ત પ્રયાસોથી આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરવામાં આવી છે. સુખોઈ વિમાનના હાઈ પર્ફોમન્સની સાથે એર લોન્ચ બ્રહ્મોસ મિસાઈલનું લાંબા અંતરની ક્ષમતાએ ભારતીય વાયુસેનાને રણનૈતિક રીતે લીડ અપાવી છે.

## આપની આજ.......

મેષ : આજે શક્તિ અને સંપત્તિ વૃદ્ધિનો યોગ છે. વધુમાં લાંબા સમયથી ચાલતી કાયદાકીય બાબતોમાં જીતનો યોગ છે. ક્ષેત્રમાં સફળતાની ટોચ પર પહોંચશો. કાયમી મિલકતના ધંધામાં લાભ થશે.

વૃષભ : આજે તમને સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે. નવા ખર્ચ આવશે. કોઈ ખોટો આરોપ પણ તમારી સામે લગાવી શકે છે. તેથી સાવધ રહો આ સાંજથી રાત સુધીની સફર થઈ શકે છે.

મિથુન : આજે રાજકીય સામાજિક ક્ષેત્રમાં વિરોધી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. ક્ષેત્રમાં સફળતા માટે તમારે વધારે મહેનત કરવાની જરૂર છે. સાંજે મહેમાનોનું આગમન તમારા ખર્ચમાં વધારો કરશે.

કર્ક : લેવડદેવડની બાબતમાં આજે સાવચેત રહેવું. આજે વધારે ખર્ચને કારણે તમારે કોઈની પાસેથી ઉધાર લેવા પડી શકે છે. પારિવારિક કાર્યોમાં ભાગમભાગ રહેશે. તમે તમારી કાર્યક્ષમતાથી અન્યને પ્રભાવિત કરશો.

સિંહ : આજે તમને થોડા સમયથી ચાલી રહેલી સમસ્યાઓથી રાહત મળી શકે છે. તમને નોકરી-ધંધામાં ખુશી અને પ્રગતિ મળશે. આ સિવાય આજે કોઈપણ મનોકામના પૂર્ણ થઈ શકે છે.

કન્યા : વેપાર ક્ષેત્રે પ્રગતિ થશે. આત્મવિશ્વાસ અને યોગ્યતા સાથે કામ કરવામાં આવતી કોઈપણ મુશ્કેલી આજે પાર થઈ શકે છે. શિક્ષણની દ્રષ્ટિએ દિવસ શુભ રહેશે. રાજકીય-સામાજિક ક્ષેત્રે નવા સંપર્કો બનાવવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રે વિશેષ પ્રગતિ થશે.

તુલા : આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. બુદ્ધિ અને કાર્યક્ષમતા સાથે તમે જે ક્ષેત્રમાં પ્રયત્ન કરશો ત્યાં સફળતા મળશે. છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય ક્ષેત્રે પ્રવર્તી રહેલી મૂંઝવણનો આજે અંત આવશે. બાળક તરફથી સંતોષકારક સમાચાર પ્રાપ્ત થશે.

વૃશ્ચિક : આજે તમારો પ્રભાવ અને તેજ વધશે. તમને ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. જોકે કાર્યક્ષેત્રમાં તણાવ હોઈ શકે છે પરંતુ તેનું વર્ચસ્વ ના થવા દો. જૂની સમસ્યાનું નિરાકણ આજે થઈ શકે છે.

ધનુ : આજે નોકરી, ધંધા અને રાજકીય ક્ષેત્રે પ્રગતિનો યોગ છે. વડીલ લોકો ક્ષેત્રમાં મદદ કરશે. આજે બિનજરૂરી રીતે ખર્ચ કરવાને બદલે ખર્ચમાં ઘટાડો કરો, નહીં તો તમારે મુશ્કેલી ભોગવવી પડી શકે છે. સાહિત્ય ક્ષેત્રે કાર્યરત લોકો માટે આજનો દિવસ ખૂબ ફાયદાકારક રહેશે.

મકર : દિવસના પહેલા ભાગમાં, પારિવારિક જીવનમાં કેટલાક ઉતાર-ચડાવ આવશે. હિંમત અને ધૈર્યથી કામ કરવું પડશે, કોઈ પણ કાર્યમાં ઉતાવળ કરવી નહીં. ક્ષેત્રમાં પ્રગતિની ઘણી સંભાવનાઓ છે.

કુંભ : મનમાં ભક્તિ ભાવ વિકસિત થશે. તમારા સ્પર્ધકો માટે માથાનો દુખાવો રહેશે. પરિવારમાં પણ પ્રેમ અને આદરની ભાવના વધશે. રાત્રે કોઈ પણ શુભ કાર્યમાં જોડાવાની તક મળી શકે છે.

મીન : આજે રાજકીય અને સામાજિક ક્ષેત્રે તણાવની સ્થિતિ રહેશે. વિદ્યાર્થીઓએ પરીક્ષામાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરવાની જરૂર છે. સંપત્તિને લઈને આજે પરિવારમાં પણ કેટલાક તણાવ પેદા થઈ શકે છે. સાંજે ધંધામાં લાભની આશા રહેશે.

## ડીઆરઆઈએ ગુવાહાટી અને દીમાપુરમાં

# ભારત-મ્યાનમાર બોર્ડર દ્વારા દાણચોરી કરીને લવાતું ૮.૩૮ કરોડ રૂપિયાનું ૧૫.૯૩ કિલો વિદેશી મૂળનું સોનું જપ્ત કર્યું



નવીદિલ્હી,
ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) દ્વારા અન્ય એક મહત્ત્વપૂર્ણ કામગીરીમાં, સંગઠિત સોનાની દાણચોરી કરનારા સિન્ડિકેટ, કોડ-નેમ "ગોલ્ડ ઑન ધ હાઈવે" વિરુદ્ધ, ૧૫.૯૩ કિલો વિદેશી મૂળનું સોનું ભારત-મ્યાનમાર સરહદેથી દાણચોરી કરવામાં આવ્યું હતું અને તેની કિંમત રૂ. ૮.૩૮ કરોડ છે, જે ૧૨મી મે ૨૦૨૨ના રોજ ગુવાહાટી અને દીમાપુરમાં જપ્ત કરવામાં આવ્યું હતું.

ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરતા, ડીઆરઆઈના અધિકારીઓએ માઓ, મણિપુરથી ગુવાહાટી, આસામ સુધી અલગથી મુસાફરી કરી રહેલા બે ઓઈલ ટેંકર અને એક ટ્રક પર સમજદારીપૂર્વક દેખરેખ રાખી હતી. ૧૨મી મે ૨૦૨૨ના વહેલી સવારના કલાકોમાં, આ વાહનોને દીમાપુર અને ગુવાહાટી વચ્ચેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જુદા જુદા પોઈન્ટ પર એક સાથે અટકાવવામાં આવ્યા હતા.

નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં, ડીઆઈઆઈએ સમગ્ર દેશમાં તેની કામગીરી દરમિયાન ૪૦૫ કરોડ રૂ.ની કિંમતનું ૮૩૩ કિલો સોનું જપ્ત કર્યું છે. તેમાંથી, ઉત્તર-પૂર્વના રાજ્યોમાં, ડીઆરઆઈએ ૨૦૮ કિલોથી વધુ સોનું જપ્ત કર્યું છે જેની કિંમત રૂ. ૧૦૨.૬ કરોડ છે. અત્યંત સંવેદનશીલ ભારત-મ્યાનમાર અને ભારત-બાંગ્લાદેશ સરહદ દ્વારા દાણચોરી કરવામાં આવી હતી.

અટકાવાયેલા વાહનોની સઘન તપાસ કર્યા બાદ, ૧૫.૯૩ કિલો વજનના સોનાના બિસ્કિટના ૯૬ નંગ મળી આવ્યા હતા જે ત્રણેય વાહનોના જુદા જુદા ભાગોમાં કાળજીપૂર્વક છુપાવવામાં આવ્યા હતા. આ ઓપરેશનમાં સિન્ડિકેટના પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ત્રણ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. વધુ તપાસ ચાલુ છે. આવા હુમલાઓને અસરકારક રીતે શોધી કાઢવાની અને બેઅસર કરવાની ઢ્ઈંની ક્ષમતા ભારતના આર્થિક સીમાઓ સાથે સમાધાન કરવાનો પ્રયાસ કરનારાઓ માટે અવરોધક તરીકે કામ કરે છે. ઢ્ઈં આવા અપરાધોના ગુનેગારો સામે તેની અવિરત કાર્યવાહી ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે.

ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) દ્વારા અન્ય એક મહત્ત્વપૂર્ણ કામગીરીમાં, સંગઠિત સોનાની દાણચોરી કરનારા સિન્ડિકેટ, કોડ-નેમ "ગોલ્ડ ઑન ધ હાઈવે" વિરુદ્ધ, ૧૫.૯૩ કિલો વિદેશી મૂળનું સોનું ભારત-મ્યાનમાર સરહદેથી દાણચોરી કરવામાં આવ્યું હતું અને તેની કિંમત રૂ. ૮.૩૮ કરોડ છે, જે ૧૨મી મે ૨૦૨૨ના રોજ ગુવાહાટી અને દીમાપુરમાં જપ્ત કરવામાં આવ્યું હતું. ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરતા, ડીઆરઆઈના અધિકારીઓએ માઓ, મણિપુરથી ગુવાહાટી, આસામ સુધી અલગથી મુસાફરી કરી રહેલા બે ઓઈલ ટેંકર અને એક ટ્રક પર સમજદારીપૂર્વક દેખરેખ રાખી હતી. ૧૨મી મે ૨૦૨૨ના વહેલી સવારના કલાકોમાં, આ વાહનોને દીમાપુર અને ગુવાહાટી વચ્ચેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જુદા જુદા પોઈન્ટ પર એક સાથે અટકાવવામાં આવ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં, ડીઆઈઆઈએ સમગ્ર દેશમાં તેની કામગીરી દરમિયાન ૪૦૫ કરોડ રૂ.ની કિંમતનું ૮૩૩ કિલો સોનું જપ્ત કર્યું છે. તેમાંથી, ઉત્તર-પૂર્વના રાજ્યોમાં, ડીઆરઆઈએ ૨૦૮ કિલોથી વધુ સોનું જપ્ત કર્યું છે જેની કિંમત રૂ. ૧૦૨.૬ કરોડ છે. અત્યંત સંવેદનશીલ ભારત-મ્યાનમાર અને ભારત-બાંગ્લાદેશ સરહદ દ્વારા દાણચોરી કરવામાં આવી હતી. અટકાવાયેલા વાહનોની સઘન તપાસ કર્યા બાદ, ૧૫.૯૩ કિલો વજનના સોનાના બિસ્કિટના ૯૬ નંગ મળી આવ્યા હતા જે ત્રણેય વાહનોના જુદા જુદા ભાગોમાં કાળજીપૂર્વક છુપાવવામાં આવ્યા હતા. આ ઓપરેશનમાં સિન્ડિકેટના પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ત્રણ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. વધુ તપાસ ચાલુ છે. આવા હુમલાઓને અસરકારક રીતે શોધી કાઢવાની અને બેઅસર કરવાની ડીઆઈઆઈની ક્ષમતા ભારતના આર્થિક સીમાઓ સાથે સમાધાન કરવાનો પ્રયાસ કરનારાઓ માટે અવરોધક તરીકે કામ કરે છે. ડીઆઈઆઈ આવા અપરાધોના ગુનેગારો સામે તેની અવિરત કાર્યવાહી ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદથી અજમેર જાન લઈને ગયેલી બસને રાજસ્થાનના ચિતોડગઢમાં નડ્યો અકસ્માત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- જાનૈયા ભરેલી બસમાં ચાલકને ઝોકુ આવતા નડ્યો અકસ્માત :૧૭ જાનૈયા ઈજાગ્રસ્ત : ૪ની હાલત ગંભીર.
- લગ્ન કરીને પરત દાહોદ પરત આવતા સમયે નડ્યો અકસ્માત.
- ખાનગી જાનૈયા ભરેલી બસ ઊભેલી ટ્રકમાં પાછળથી અથડાઈ : બસમાં બસમાં ૪૫થી ૫૫ જાનૈયા સવાર હતા.
- અન્ય કેટલાક જાનેયાઓને ઓછી વત્તી ઈજાઓ પહોંચી.
- ઈજાગ્રસ્ત જાનૈયાઓને ઉદયપુર સારવાર અર્થે ખસેડાયા.

દાહોદ,
દાહોદ થી રાજસ્થાનના અજમેર ખાતે જાન લઈને જતી ખાનગી લક્ઝરી બસને પરત ફરતી વેળાએ ચિત્તોડગઢ નજીક અકસ્માત નડયો હતો. જેમાં લક્ઝરી ગાડીના ચાલક ને ઝોકુ આવતા બસ ચોકડી પર ઉભેલી ટ્રકની પાછળથી ભરાઈ જતા સર્જાયેલા માર્ગ અકસ્માતમાં બસમાં સવાર ૧૭ જાનૈયાઓને

> અકસ્માત બાદ ભેગા થયેલા આસપાસના લોકો તેમજ ત્યાંથી પસાર થતા વાહનચાલકોએ ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા. ચિત્તોડગઢ નજીક સવારના સવા ચાર વાગ્યા આસપાસ બનેલા આ માર્ગ અકસ્માતના બનાવમાં બસના એક બાજુનો ભાગ ના ફુરચા ઉડી ગયા હતા. તે સમયે અકસ્માત બાદ ભેગા થયેલા આસપાસના લોકોએ ત્યાંથી પસાર થતાં વાહનચાલકોએ ઈજાગ્રસ્તોને ભારે જહેમત બાદ બહાર કાઢયા હતા. તેમજ તેઓને ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા.

ઈજાઓ પહોંચવા પામી છે. જે પૈકી એક બાળકી સહિત ચાર વ્યકિતઓની હાલત નાજુક જણાતાં તેઓને વધુ સારવાર અર્થે ઉદયપુરના ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળેલ છે.

દાહોદ શહેરમાં મારવાડી ચાલ ખાતે રહેતા મંગળ કાલુભાઈ સાંસીના પુત્ર બોબી લગ્ન અજમેર ખાતે નક્કી થયેલા હતા. જે બાદ ગત તારીખ ૧૧ મીના રોજ દાહોદના લબાના ટ્રાવેલ્સની લકઝરી ૪૫ થી ૫૫ જાનૈયાઓ ભરી અજમેર ખાતે ગયા હતા.જ્યાંથી પરત ફરતી વેળાએ રસ્તામાં ચિત્તોડગઢ નજીક રીઠોલા ચોકડી પાસે ઉભેલી ટ્રેલરમાં પાછળથી જોશભેર ટક્કર મારતા બસનો ક્લીનર સાઇડના ભાગના ફુરચા ઉડી ગયા હતા. સવારના સાડા ચાર વાગ્યાના આસપાસ બનેલી આ ઘટનામાં બસમાં સવાર ૧૭ લોકોને ઈજાઓ પહોંચી હતી.

## માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા જાનૈયાઓની યાદી

(૧) મયંક પ્રકાશકુમાર ૨૫ વર્ષીય.
(૨) રિતેશ બાબુભાઈ ૨૫ વર્ષીય, દાહોદ.
(૩) પિન્ટુ સુરેશભાઈ ૪૦ વર્ષીય.
(૪) મનીષા કમલેશભાઈ ૩૨ વર્ષીય.
(૫) પુષ્પા રિતેશ ગુમાની ૨૦ વર્ષીય.
(૬) સોમાભાઈ ઓમ પ્રકાશ ભુરીયા ૪૫ વર્ષીય, દાહોદ.
(૭) સુરેશભાઈ સુરજભાઈ ૫૦ વર્ષીય, રહેવાસી-અમદાવાદ.
(૮) કરણભાઈ તેજ ભાઈ ૨૫ વર્ષીય.
(૯) શર્મિશા સુરેશ ગુમાણા ૪૦ વર્ષીય- કુબેરનગર.
(૧૦) રાજવીરભાઈ મનોજ ભાઈ ૧૪ વર્ષીય.
(૧૧) યોગેશ મહેશકુમાર ગુમાણા ૪૫ વર્ષીય.
(૧૨) મનોજભાઈ રતનભાઈ ૨૫ વર્ષીય -અમદાવાદ.
(૧૩) ગીરીશભાઈ મનોજભાઈ ૨૫ વર્ષીય - અમદાવાદ.
(૧૪) મનીષાબેન મનોજભાઈ ૧૪ વર્ષીય.
(૧૫) અરત્રણભાઈ અમરેસ ભાઈ ૨૦ વર્ષીય, રહેવાસી-બાસવાડા.
(૧૬) નરેશભાઈ તોલા ચંદ ૨૦ વર્ષીય, રહેવાસી-બાસવાડા.
(૧૭) શ્રદ્ધાભાઈ સંતોષ ભાઈ ૩૫ વર્ષીય, રહેવાસી- દાહોદ.

જે પૈકી ૪ ની હાલત નાજુક જણાતાં તેઓને સારવાર અર્થે ઉદયપુરના ખાનગી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં આપની પરિવર્તન યાત્રા, ૧૫ મેથી તમામ ૧૮૨ વિધાનસભા બેઠકોને આવરી લેશે

નવીદિલ્હી,
દિલ્હી બાદ પંજાબની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ હવે આમ આદમી પાર્ટીની નજર ગુજરાતની ચૂંટણી પર છે. આ સાથે, તે ૧૫ મેથી ગુજરાતમાં પરિવર્તન યાત્રા કાઢવા જઈ રહી છે. શુક્રવારે AAPએ ગુજરાતમાં પરિવર્તન યાત્રા કાઢવાની જાહેરાત કરી હતી. આ યાત્રા રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોને આવરી લેશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંત સુધીમાં થવાની છે. તે પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ગૃહ રાજ્ય છે. ગુજરાત ભાજપનો ગઢ છે. ગુજરાતમાં ૨૭ વર્ષથી ભાજપ સત્તા પર છે. તે હવે સતત છઠ્ઠી વખત સરકારમાં આવવા માટે સખત પ્રયાસ કરી રહી છે. ભાજપ માટે પડકાર વધુ મોટો છે કારણ કે છેલ્લી ચૂંટણીમાં તેની સીટો ઘટીને ૧૦૦થી ઓછી થઈ ગઈ હતી. આ પછી, પાર્ટીએ રાજ્યમાં મુખ્યમંત્રી સહિત સમગ્ર કેબિનેટમાં ફેરફાર કર્યો છે, પરંતુ છઈઁ કન્વીનર અરવિંદ કેજરીવાલ ૨૭ વર્ષથી સરકાર વિરોધી લહેરનો લાભ લેવાનો પૂરો પ્રયાસ કરી રહ્યા છે.

કોંગ્રેસ અને રાહુલ ગાંધી પણ ગુજરાતની ચૂંટણી માટે કમર કસી રહ્યા છે. બે દિવસ પહેલા ગુજરાતની મુલાકાત દરમિયાન તેમણે રાજ્યમાં પાર્ટીની સરકાર બન્યા બાદ નવા ગુજરાતની રચના કરવાનું વચન આપ્યું છે. તેમણે આદિવાસી સત્યાગ્રહ રેલીમાં આરોપ લગાવ્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે હિન્દુસ્તાન બનાવ્યા છે, એક અમીરો માટે અને બીજું સામાન્ય લોકો માટે. કોંગ્રેસને બે હિન્દુસ્તાન નથી જોઈતા. અમે એવું ભારત ઈચ્છીએ છીએ જેમાં બધા માટે આદર, બધા માટે તક, બધા માટે શિક્ષણ, બધા માટે હોસ્પિટલ અને આરોગ્ય સંભાળની સુવિધાઓ.

# દાહોદમાં વ્યાજખોરના ત્રાસ એક વ્યકિતનું ATM અને કોરા ચેક લઈ ધમકી આપતા ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર રીતે વ્યાજનો ધંધો કરતાં ઈસમોનો ત્રાસ દિનપ્રતિદિન વધવાં માંડ્યો છે. ત્યારે દાહોદ શહેરમાં એક વ્યાજખોર દ્વારા એક વ્યક્તિને દશ ટકાના વ્યાજદરે રૂા. ૭૦ હજાર આપ્યાં બાદ વ્યક્તિએ તે નાણાં મુડી સહિત વ્યાજ પેટે ચુકવ્યાં બાદ પણ વ્યાજ ખોર દ્વારા વધુ નાણાંની માંગણી કરી અને વ્યક્તિનું એ.ટી.એમ. કાર્ડ અને કોરા ચેકો લઈ લેતાં અને રસ્તામાં રોકી ધાકધમકીઓ આપતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

દાહોદ શહેરમાં ગોધરા રોડ પરેલ વિસ્તારમાં રહેતાં ઈરફાન મુક્તીયાર શેખે દાહોદ શહેરના પરેલ વિસ્તાર ખટ્ટા કોલોની ખાતે રહેતો મુકેશભાઈ કનુભાઈ સાંસી પાસેથી તારીખ ૨૦.૦૯.૨૦૨૦ ના સમયગાળા દરમ્યાન રૂા. ૭૦ હજાર ૧૦ ટકાના વ્યાજે લીધાં હતાં. સમય સાથે તારીખ ૧૦.૦૫.૨૦૨૨ના સમયગાળા સુધી ઈરફાને મુકેશભાઈને ૭૦ હજારની મુડી અને વ્યાજ રૂા. દોઢ લાખ મુકેશભાઈને ચુંકવી દીધાં હતા. ત્યારે મુકેશભાઈ દ્વારા ઈરફાન પાસેથી વધુ બે લાખ રૂપીયા બળજબરીપુર્વક કઢાવવા સારૂં ઈરફાન અને ફરીદાબેન ગતરોજ દાહોદ બજારમાંથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે બંન્નેને મુકેશભાઈએ રસ્તામાં રોક્યાં હતાં અને બેફામ ગાળો બોલી ઈરફાનભાઈ પાસેથી તેમનું એ.ટી.એમ. કાર્ડ અને ત્રણ ચેકો કાઢી લઈ પરત નહીં આપી મારી નાંખવાની ધમકીઓ આપી હતી.

આ સંબંધે ઈરફાન મુક્તીયાર શેખ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના કાંટુ ગામે બે સગાભાઈઓની હત્યા કરનાર આરોપીએ હત્યાની કબુલાત કરી



દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કાંટુ ગામે બે સગીર માસુમ ભાઈઓની હત્યા કરી બંન્નેની લાશને ફેંકી દીધાં બાદ આરોપી ઈસમ ફરાર થઈ ગયો હતો. ત્યારે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી આરોપીને ઝડપી પાડવાના ચક્રગતિમાન કર્યાં હતા. જેમાં પોલીસે આરોપીને ઝડપી પાડી સઘન પુછપરછ કરતાં પરિવાર સાથે સામાન્ય ઝઘડાની અદાવતે બંન્ને માસુમ બાળકોની હત્યા કરી હોવાનું પોલીસ સમક્ષ કબુલતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

તારીખ ૧૨ મી મેના રોજ ધાનપુર તાલુકાના કાંટુ ગામે ડુંગરી ફળિયામાં રહેતાં નરવતભાઈ સોમાભાઈ બામણીયાના બે માસુમ પુત્ર જેમાં એક દિલીપભાઈ (ઉ.વ. ૧૦ અને બીજા રાહુલભાઈ (ઉ.વ.૫) બંન્ને બાળકોને કાટું ગામના રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ મનુભાઈ મોહનીયા બંન્ને બાળકોને ટીફીન જમાડવાની લાલચ આપી પોતાની મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ નાસી ગયો હતો અને બંન્ને બાળકોને મોતને ઘાટ ઉતારી એકની લાશને જેસાવાડા રોડ ઉપર કાટું ગામના સીમાડે પાણીના ટાંકાની બાજુમાં પથ્થરો નીચેથી એક બાળકના મૃતદેહને ફેંકી દીધો હતો. જ્યારે બીજા બાળકના મૃતદેહને કાંટુ ગામની અંદર સાત-આઠ કિલોમીટર દુર ગામના સીમાડામાં ફેંકી દીધાં હતાં.

આ સંબંધે મૃતક બંન્ને બાળકોના પિતા નરવતભાઈ દ્વારા રાજેશભાઈ વિરૂધ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારે પોલીસે આરોપીના ધરપકડના ચક્રોગતિમાન કરતાં નાસતો ફરતો આરોપી રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ મનુભાઈ મોહનીયાને પોલીસે રાઠવા ઘાટાની ખજુરી ચોકડી ઉપરથી ઝડપી પાડી પોલીસ મથકે લઈ આવ્યો હતો અને પોલીસે તેન સઘન પુછપરછ કરતાં ૧૦ દિવસ પહેલાના સામાન્ય ઝઘડામાં પોતે અપમાનિત થતાં ઉપરોક્ત બંન્ને બાળકોને મોતને ઘાટ ઉતાર્યાં હોવાનું પોલીસ સમક્ષ કબુલતાં પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદનાં જિલ્લા પંચાયત ખાતે મહિલા કર્મયોગીઓની સુવિધા માટે ઘોડિયા ઘરનો પ્રારંભ કરાવતા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી



દાહોદ,
જિલ્લા પંચાયત ખાતે મહિલા કર્મયોગીઓની સુવિધા માટે ઘોડિયા ઘરનો પ્રારંભ કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ આજે કર્યો છે. કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીના ધર્મપત્ની ગોસાવીએ આ વેળાએ ઉપસ્થિત રહીને રીબીન કાપીને ઘોડિયા ઘરનો શુભારંભ કરાવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ આ પ્રસંગે જણાવ્યું કે, જિલ્લા પંચાયતના પ્રાંગણમાં મહિલા કર્મયોગીઓ માટે ઘોડિયાઘરનો પ્રારંભ કરતા હર્ષની લાગણી અનુભવું છું. અત્યાર સુધી અહીં આ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી મહિલા કર્મચારીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. અહીંના એક મહિલા કર્મચારી પોતાના છ મહિનાના બાળક સાથે કચેરીએ આવતા હતા. તે પરથી અહીંયા ઘોડિયાઘરની જરૂરીયાત અને પ્રારંભ કરવાનો વિચાર આવ્યો હતો. હવેથી આ ઘોડિયા ઘર શરૂ થતા અહીંની મહિલા કર્મચારીઓને આ પ્રકારની તકલીફોનો સામનો કરવો નહીં પડે અને તેમના બાળકોને પણ ઘોડિયા ઘર સાથે સરસ મજાનું વાતાવરણ મળી રહેશે. બાળકોને ખવડાવવા ઉપરાંત પાયાની સુવિધાઓ આ ઘોડિયા ઘર ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેથી મહિલાઓ બાળકોની ચિંતા વિના સારી રીતે કામ ઉપર ધ્યાન આપી શકશે.

# ફતેપુરાના મારગાળા ગામે યુવક ઉપર આડા સંબંધના વ્હેમ રાખી મારમારતાં યુવકે આપઘાત કરી જીવન ટુંકાવ્યું

દાહોદ,
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મારગાળા ગામે એક યુવક ઉપર પર સ્ત્રી સાથે આડા સંબંધનો વહેમ રાખી બે ભાઈઓએ યુવકને માર મારી ધાકધમકીઓ આપતાં યુવક આ મારથી કંટાળી જઈ અને ડરી જતાં મરવા માટે મજબુર બની ગયો હતો ત્યારે યુવકે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી અને આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફતેપુરા તાલુકાના મારગાળા ગામે લીમઘાટી ફળિયામાં રહેતાં સુક્રમભાઈ ભુંડાભાઈ સંગાડા અને મુકેશભાઈ ભુંડાભાઈ સંગાડાએ પોતાના ગામમાં રહેતાં ૨૭ વર્ષીય ભરતભાઈ હિરાભાઈ ભાભોરને સુક્રમભાઈની પત્નિ સાથે આડો સંબંધ હોવાના ખોટા શક વહેમ રાખી ઉપરોક્ત બંન્ને ભાઈઓએ ભરતભાઈનો કોલર પકડી, લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ધાકધમકી આપતાં હતા. ત્યારે મારથી અને ધાકધમકીથી હેરાન પરેશાન ભરતભાઈ ગત તા.૮મી એપ્રિલના રોજ પોતાના ઘરના સરાના લાકડા સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

આ સંબંધે ફતેપુરા તાલુકાના મારગાળા ગામે રહેતાં બચુભાઈ હિરાભાઈ ભાભોરે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ નસીરપુર ગામે પાસે હાઈવે ઉપર ટ્રેક્ટરની અડફેટે બાઈક ચાલકનું મોત



દાહોદ,
દાહોદ નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર ઈંટો ભરેલા ટ્રેક્ટરની અડફેટે બાઈક ચાલકનું ઘટનાસ્થળે પ્રાણ પંખેરૂ ઉડી ગયા હોવાનું જાણવા મળેલ છે.

દાહોદ નજીક ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર નસીરપૂર દરગાહ આગળ આજે બપોરના સમયે બાઈક ચાલક અને ઈંટો ભરેલા ટ્રેક્ટર વચ્ચે ગમખવાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રેક્ટરનો ચાલક ઈંટોનું ટ્રેક્ટર ભરીને રોગ સાઈડ ઉપરના રોડ ઉપરથી દાહોદ તરફ જઈ રહ્યો હતો. તે સમયે બાઈક ચાલકને અડફેટે લેતા બાઈક ચાલક પર સવાર પિતા-પુત્રને મોઢાના ભાગે નાની મોટી ઈજાઓ પહોંચવા પામી હતી. જ્યારે બાઈક ચાલકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ત્યારે આ ઘટનાની જાણ તાલુકા પોલીસને કરતા તાલુકા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી જયારે ટ્રેક્ટર ચાલક અકસ્માત સર્જી ઘટના સ્થળે ટ્રેક્ટર મૂકી ફરાર થયો હતો.

# ગરબાડાના નઢેલાવ ગામે બોલેરો ગાડી માંથી ૧.૭૭ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નઢેલાવ ગામેથી પોલીસે નાકાબંધી દરમ્યાન એક બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૧,૭૭,૬૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૪,૩૩,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી ગાડીના ચાલકની અટક કર્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૨મી મેના રોજ ગરબાડા પોલીસને મળેલ બાતમીના આધારે નઢેલાવ ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે ગાડીને ચારેય તરફથી પોલીસે ઘેરી લીધી હતી અને ગાડીમાં સવાર ચાલક કમલેશભાઈ નવલસિંહ હઠીલા (રહે. નેલસુર, બામણીયા ફળિયું, તા.ગરબાડા, જિ.દાહોદ) નાની અટકાયત કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલા નંગ. ૧૭૭૬ કિંમત રૂા. ૧,૭૭,૬૦૦ના પ્રોહી જથ્થા સાથે એક મોબાઈલ ફોન તેમજ ફોર વ્હીલર ગાડીની કિંમત મળી ગરબાડા પોલીસે કુલ રૂા. ૪,૩૩,૬૦૦ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ઝપાયેલ ચાલકની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો રત્નાભાઈ માવી (રહે. રીંગોલ, મધ્યપ્રદેશ) અને મનુભાઈ (રહે. કાલીયાવાડ, તા.ધાનપુર, જિ.દાહોદ)ની મદદગારીથી લાવ્યો હોવાનું કબુલતા ગરબાડા પોલીસે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાયપુર એરપોર્ટ પર હેલિકોપ્ટર ક્રેશ : બંને પાઈલટોનાં મોત નિપજયાં

રાયપુર,
છત્તીસગઢના રાયપુર એરપોર્ટ પર એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું છે. આ દુર્ઘટનામાં બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે. આ ઘાયલોને રામ કૃષ્ણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, એમ પોલીસે કહ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર પાઈલટ એપી શ્રીવાસ્તવ અને કેપ્ટન ગોપાલ કૃષ્ણ પાંડા હેલિકોપ્ટરમાં સવાર હતા. તેઓ પ્રેક્ટિસ દરમ્યાન પરત ફરી રહ્યા હતા, ત્યારે આગ લાગવાને કારણે હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ હેલિકોપ્ટર રાજ્ય સરકારનું હતું. રાજ્ય સરકારનું હેલિકોપ્ટર રાત્રે ૯.૧૦ કલાકે આશરે રાયપુર એરપોર્ટ પર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ ઘટનામાં કેપ્ટન ગોપાલ કૃષ્ણ પાંડા અને કેપ્ટન એપી શ્રીવાસ્તવનાં મોત થયાં હતાં. રામકૃષ્ણ હોસ્પિટલના અધિકારીએ બંને પાઇલટોનાં મોતની પુષ્ટિ કરી હતી. આ દુર્ઘટનામાં હેલોકોપ્ટર સંપૂર્ણ રીતે ક્ષતિગ્રસ્ત થયું છે. હેલિકોપ્ટરનાં પાંખિયનો એક ભાગ દૂર થઈને પડ્યો હતો. જોકે આ અક્સ્તામતનું કોઈ કારણ હજી સુધી સામે નથી આવ્યું. છત્તીસગઢના મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલે પણ આ ઘટનાની ટ્વીટ કરીને માહિતી આપી હતી. આ એરપોર્ટ જે વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું., ત્યાં લાઈટ પણ નહોતી. આ દુર્ઘટના પછી તરત એમ્બ્યુલન્સ અને અર્ધસૈનિક દળોના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હેલોકોપ્ટરમાંથી બંને પાઈલટોને બહાર કાઢવામાં ભારે જહેમત કરવી પડી હતી. મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલે હેલિકોપ્ટર દુર્ઘટનામાં બે પાઈલટોનાં મોત પર દુઃખ વ્યક્ત કર્યું હતું.

# સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં પરિવાર પહોંચે પહેલાં મૃતદેહની કરાઇ અંતિમવિધિ

સુરત,
સુરતની નવી સિવિલ હોસ્પિટલની અને સિવિલના સ્ટાફની ઘોર બેદરકારી સામે આવી છે, સિવિલના સ્ટાફ દ્વારા ૨ અજાણ્યા મૃતદેહની ઓળખમાં ગડબડ કરવામાં આવી, અને જાણે આટલું ઓછુ હોય એમ દર્દીના મૃત્યું બાદ દર્દીનો પરિવાર પહોંચે તે પહેલા જ તે મૃતદેહની અંતિમવિધિ કરી દેવામાં આવી, આમ પરિવારની હાજરી વિના અંતિમવિધી કરી દેતા મૃતકના પરિવારજનોને ધકકો લાગ્યો હતો, અને મુંબઈથી આવેલા પરિવારમાં તંત્ર સામે ખૂબ જ આક્રોશ હતો. ભટાર આંબેડકર નગર પાસેથી ૫૦ વર્ષીય આધેડ બીમાર હાલતમાં મળતા તેમને સિવિલ ખસેડાતા ટુંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું. મૃતકના ફોનમાંથી મળેલા નંબરના આધારે પોલીસે પરિવારનો સંપર્ક કરી ફોટો મોકલતાં મૃતક મુંબઈના રહેવાસી અને સુરતમાં રખડતું જીવન વ્યતિત કરતા જીગર ચંદ્રશેખર પારેખ હોવાનું ખુલ્યુ હતું. જેથી પોલીસે તેમના ભાઈને મૃતદેહ સોંપવા બુધવારે બોલાવ્યા હતા. બીજી તરફ જીગરભાઈના ભાઈ સાંજે સિવિલ પહોંચ્યા તો જીગરભાઈનો મૃતદેહ મળ્યો ન હતો. તપાસ કરતા ભૂલમાં જીગરભાઈના મૃતદેહની એક સંસ્થાએ અંતિમવિધિ કરી હોવાનું સામે આવ્યું હતું. આખરે મુંબઈથી આવેલા પરિવારને અંતિમ વિધિ વગર જ પરત ફરવું પડ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.222

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પાવાગઢ દર્શનાર્થે આવતા માઈ ભકતો માટે

# ડુંગર ખોદીને ૨૧૦ ફુટ ઉંચી લીફટ બનાવાશે : ૪૦ સેકન્ડમાં નિજ મંદિર પહોંચશે

### પાવાગઢ ડેવલોપમેન્ટ ફેઝ-૩ માટે ૧૩૦ કરોડની ગ્રાન્ટ ફળવાઈ



ગોધરા,
પંચમહાલ જીલ્લાના પાવાગઢ શકિતપીઠ ખાતે લાખો ભકતો દર્શનાર્થે આવતા હોય છે પરંતુ પાવાગઢમાં કપરા ચઢાણને લઈને અનેક માઈ ભકતો દર્શન કરવામાં મુશ્કેલીમાં આવતા હોય છે. ત્યારે યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજય સરકારની મંજુરી બાદ પાવાગઢ પર લીફટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ડુંગરની બાજુના ડુંગરને ખોદીને લીફટ બનાવવામાં આવશે. લીફટ બનતા માત્ર ૨૦ સેકન્ડમાં ભકતો માતાજી મંદિર સુધી પહોંચી દર્શન કરી શકશે.

પાવાગઢ શકિતપીઠ ખાતે દર્શનાર્થે આવતા માઈ ભકતો માટે લાખો માઈ ભકતો આવતા હોય છે. અમુક માઈ ભકતો પાવાગઢ ડુંગર પરના કપરા ચઢાણને લઈ દર્શન કરવામાં મુશ્કેલીઓ પડતી હોય છે. ત્યારે યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજય સરકારની મંજુરી મળતા પાવાગઢ ડુંગર પર લીફટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. લીફટની સાથે સાથે પાવાગઢમાં હેલીપેડ અને વોક-વેની સુવિધા પણ કરાશે અને તે માટે ૧૩૦ કરોડનો પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે. પાવાગઢ ડુંગર ખાતે લીફટ બનાવવાનું તેમજ હેલીપેડ, વોક વે બનાવવાની ફેઝ-૨ કામગીરી પુરી થઈ ચુકી છે. ફેઝ-૩ની કામગીરી ચાલુ કરવામાં આવી છે. પાવાગઢ ડેવલોપમેન્ટ ફેઝ-૩ માટે ૧૩૦ કરોડની રકમ ફાળવણી કરાઈ છે. પાવાગઢ ડુંગરની બાજુમાં પર્વતને ૨૧૦ ફુટ સુધી ખોદીને લીફટ બનાવશે તેના માટે ટેન્ડરીંગ પ્રક્રિયા સોંપવાની પ્રક્રિયા પુરી થતા બાદ લીફટ બનાવવા માટે પર્વતની અંદર ખોદકામ કરવાની કામગીરી શરૂ કરાશે.

પાવાગઢ ડુંગર સુધી લીફટ બનતા માત્ર ૪૦ સેકન્ડમાં માઈ ભકતો માતાજીના મંદિર સુધી પહોંચીને દર્શન કરી શકશે. નિર્માણ થનાર ૧ લીફટમાં મહત્તમ ૧૨ વ્યકિત સમાઈ શકે તેવા પ્રકારની લીફટ મુકવામાં આવશે.

### ડુંગરમાં ખોદકામ માટે ટેન્ડરીંગ સાથે લીફટ કામગીરી શરૂ કરાશે



પાવાગઢ ડુંગરની બાજુના ડુંગરને ૨૧૦ ફુટ સુધી ખોદીને લીફટની સુવિધા ઉભી કરાશે. લીફટની સુવિધા તૈયાર થતાં માત્ર ૪૦ સેકન્ડમાં માઈ ભકતો નિજ મંદિર પહોંચીને દર્શન કરી શકશે.

### ડુંગરની ઉપર જ મંદિરનો વ્યાપ વધારશે

રાજ્ય કેબીનેટ મંત્રી પૂર્ણેશ મોદી દ્વારા જણાવવામાં આવ્યું કે, પાવાગઢ મહાકાળી મંદિર સમગ્ર કાયાપલટ કરી નવો નજારો તૈયાર કરવામાં આવશે. ડુંગરની ઉપર જ મંદિરનો વ્યાપ વધારવામાં આવશે. મંદિરની બાજુમાં ૨૧૦ ફુટનો ડુંગર છે. એ ડુંગર કાપીને તેમાં ખોદકામ કરી લીફ્ટ બનાવવાનું આયોજન છે. લીફ્ટ દ્વારા ભકતો સીધા જ મંદિર પહોંચે એવી વ્યવસ્થા પણ કરાઈ છે. પાવાગઢ ખાતે હાલ ૩૫૦ પગથીયા સુધી રોપ-વે કાર્યરત છે. ત્યારે ફેઝ-૩નું કાર્ય કરીને મંદિર સુધી રોપ-વેનું આયોજન કરવામાં આવ્યું.

લિફ્ટની સાથે-સાથે પાવાગઢમાં હેલિપેડ અને વોક-વેની સુવિધા પણ કરાશે. એ માટે ૧૩૦ કરોડનો પ્રોજેક્ટ શરૂ પણ કરી દેવામાં આવ્યો છે. લિફ્ટ બનાવવાની અને હેલિપેડ, વોક-વે બનાવવાની કામગીરીના ૨ ફેઝ પૂર્ણ થઈ ચૂક્યાં છે અને અત્યારે ફેઝ-૩ની કામગીરી ચાલી રહી છે. પાવાગઢ ડેવલોપમેન્ટ ફેઝ-૩ અંતર્ગત ૧૩૦ કરોડ રકમની ફાળવણી પણ કરાઈ છે. પાવાગઢ ડુંગરની બાજુના પર્વતને ૨૧૦ ફૂટ સુધી ખોદીને લિફ્ટ બનાવાશે. પર્વતની અંદર ખોદકામ કરવા માટેની ટેન્ડરિંગ પ્રક્રિયા સોંપવા માટેની સત્તાવાર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

## કાલોલ અર્બન કો.ઓ.બેંકની આગામી ૧૫મી એ યોજાનાર ચુંટણીમાં ACBના છટકામાં સંડોવાયેલા કૌભાંડી પણ ચુંટણી લડશે

કાલોલ,
કાલોલ શહેરની ધી કાલોલ અર્બન કો.ઓ.બેંકના પરીશિષ્ટ મુજબની વહીવટી કમિટીના સભ્યો કરતા વધારે સભ્યોએ ઉમેદવારી કરતા ચુંટણી કરવાની નોબત સર્જાઈ છે. જેના અનુસંધાને ૧૫મી મે રવિવારનાર રોજ ચુંટણી યોજાશે.

કાલોલ શહેરમાં વર્ષ ૧૯૨૪ થી કાર્યરત એવી ધી કાલોલ અર્બન કો.ઓ.બેંકમાં ગત વર્ષોમાં અને ચાલુ વર્ષ આગામી ૨૦૨૨ થી ૨૦૨૭ સુધીના પાંચ વર્ષ માટેની મેનેજીંગ સમિતિ માટે અગિયાર સભ્યોના સિલેકશનમાં ૧૨ સભ્યોની ઉમેદવારી ફાઈનલ થતાં ચુંટણી યોજવાની નોબત સર્જાઈ છે. મળેલ માહિતી અનુસાર ૧૧ સભ્યોની મેનેજીંગ કમિટી માટે કુલ ૧૭ ફોર્મ ભરાયા હતા. જેમાં ચાર ફોર્મ પરત ખેંચાતા અને એક ફોર્મના ઉમેદવાર પ્રકાશભાઈ ગાંધીનું ફોર્મ કારણોસર રદ થતા ૧૨ ઉમેદવારો ફાઈનલ થયા હતા. જ્યારે કમિટીમાં અલગ-અલગ બેઠકોના મેનેજીંગ કમિટીના સભ્યો બિનહરીફ થયા હતા. જેથી ૧૨ ઉમેદવારો વચ્ચે ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ બન્યું છે. આમ, મેનેજીંગ કમિટી માટે એક વધારે સભ્યોને કારણે બેંક નિયામકે બેંક કમિટીની ચુંટણી માટે ૧૫મી મેના રોજ ચુંટણી નિર્ધારીત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બેંકના નિયમ મુજબ જે સભાસદ બેંકનું ઓળખપત્ર ધરાવતા હોય તેવા જ માન્યના અંદાજીત ૬૩૦૫ સભાસદો જ મતદાન કરી શકશે. પરંતુ ઉલ્લેખનિય છે કે, કાલોલ અર્બન કો.ઓ.બેંકની આવતી કાલ ૧૫મી એ યોજાનાર ચુંટણીમાં બહુચર્ચીત એવા કાલોલ એમ.જી.એસ.હાઈસ્કુલના મુખ્ય બે પ્રમુખ પ્રકાશભાઈ ગાંધી અને ઉપપ્રમુખ જયંત ઉર્ફે લેલી મહેતા પણ બેંક માંની યોજનાર ચુંટણીમાં ઉમેદવારી દર્શાવી હતી. પરંતુ પ્રમુખ પ્રકાશભાઈ ગાંધીનું ફોર્મ કારણોસર રદ કરવામાં આવ્યું હતું. જ્યારે ઉપપ્રમુખ જયંત ઉર્ફે લેલી મહેતા આવતી કાલની બેંકની યોજાનાર ચુંટણીમાં ઉમેદવાર તરીકે ચુંટણી લડશે. ખરેખર ઉલ્લેખનિય એ છે કે, હાલ તાજેતરમાં કાલોલ નગરમાં સ્કુલમાં શિક્ષકની ભરતીમાં લાંચ માંગતા વડોદરા એ.સી.બી.ના છટકામાં સંડોવાયેલા આરોપી એવા ઉપપ્રમુખને અર્બન કો.ઓ.બેંકમાં ચુંટણી લડવા સંદર્ભે તેમના ધારાશાસ્ત્રીઓ દ્વારા હાલોલ સેશન્સ કોર્ટમાં શરતી જામીન અરજી મુકતા નામદાર કોર્ટના દ્વારા ૧૩ થી ૧૭ તારીખ માટે જામીન મંજુર કરી આરોપી જયંત ઉર્ફે લેલી મહેતા પણ ચુંટણી લડશે. ઉલ્લેખનિય છે કે, તાજેતરમાં એક લાખના લાંચમાં એ.સી.બી. દ્વારા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. હવે જોવું રહ્યું કે, આવા ભ્રષ્ટાચારી ચહેરાઓને બેંક કમિટી માટે મત આપશે કે કેમ ? અને જો મત આપી વિજય બનાવશે તો આવનાર દિવસોમાં શું બેંકમાં ભ્રષ્ટાચાર આચરવામાં આ બેનકાબ ચહેરા દ્વાર ભ્રષ્ટાચાર નહી કરે તેની ખાત્રી પણ શું ? હવે જોવું રહ્યું કાલોલ અર્બન કો.ઓ.બેંકના ૬૩૦૫ સભાસદો આરોપી એવા જયંત ઉર્ફે લેલી મહેતાને કેટલા મત મળે છે. તે હવે ચુંટણીનું પરીણામ આવતા જાણી શકાશે. તદ્દઉપરાંત શરતી જામીન અનુસાર જયંત ઉર્ફે લેલી મહેતા કાલોલની એક હાઈસ્કુલના ઉપપ્રમુખ અને ટુંક સમય પહેલા એ.સી.બી.ના છટકામાં સંડોવાયેલા આરોપી હોવાથી ૧૭ તારીખ બાદ પરત પોલીસ કસ્ટડીમાં જશે.

#### પિરામલ સ્વાસ્થય અને USAID દ્વારા

## રાજયના દસ જિલ્લાના ૫૩ આદિવાસી તાલુકામાં ક્ષય રોગની તપાસ અને કોવિડ જાગૃતિ માટે ૪૪૨ વાહનોને ફ્લેગ ઓફ કર્યા




તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),
ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને આદિજાતિ કલ્યાણ મંત્રાલયના સંયુક્ત નેજા હેઠળ ટી.બી. મુકત ભારત અભિયાન હેઠળ પિરામલ સ્વાસ્થય અને USAID દ્વારા જિલ્લામાં ક્ષય રોગ નાબૂદી માટે ૧૦ આદિવાસી જિલ્લાઓમાં ૪૪૨ તાલુકામાં ટીબીના દર્દી શોધવા અને કોવિડ જાગૃતિ ફેલાવવા માટે વાહનો મોકલવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને આદિજાતિ વિભાગના નિમિષાબેન સુથારે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તેનો હેતુ પિરામલ સ્વાસ્થય ટીમ અને દરેક ગામમાં આરોગ્ય વિભાગના કર્મચારી દ્વારા દરેક ઘરે દસ્તક આપીને ક્ષયના દર્દીઓની ઓળખ અને કોવિડ જાગૃતિ સુનિશ્ચિત કરવાનો છે. આ સાથે ક્ષયના દર્દીઓની ઓળખ કરી સંપૂર્ણ સારવાર આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ આદિજાતિ મંત્રી નિમિષાબેન સુથાર તાલુકા પંચાયત પ્રમુખ ધર્મીષ્ઠાબેન માલીવાડ, બાંધકામ સમીતીના ચેરમેન વિક્રમભાઈ ડિંડોર, જીલ્લા પંચાયત સભ્ય મહેન્દ્રભાઈ બારીયા અને તાલુકા પંચાયત સભ્યો, સરપંચો મદદનીશ કમિશનર આદિજાતિ તથા પ્રાયોજના વહીવટદાર, જિલ્લા મુખ્ય તબીબી અધિકારી ડો.મીનાક્ષીબેન ચૌહાણ, જિલ્લા ક્ષય અધિકારી ડો.પી.એન. બરૂઆ, આરસીએચઓ ડો. પી.કે. શ્રીવાસ્તવ, તાલુકા હેલ્થ ઓફિસર, અધિક્ષક સામૂહીક આરોગ્ય કેન્દ્ર મોરવા હડફ, તેમજ પિરામલ સ્વાસ્થય સંસ્થાના ઝોનલ હેડ અગ્નિશ્વર દાસ, ડિવિઝન પ્રોગ્રામ મેનેજર અસલમ શેખ, પ્રોગ્રામ લીડ ગોપાલસિંહ અને જિલ્લા સંયોજક કેયુર પટેલ હાજરી આપી હતી. તેમજ ટી.બી.ના દર્દીઓ તથા તાલુકામાંથી મોટી સંખ્યામાં માણસોએ હાજરી આપી તેમજ પિરામલની ટીમને ગ્રાઉન્ડ લેવલ પર સહકાર આપવાની ખાતરી પણ આપી હતી.

## વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ દ્વારા દક્ષિણ ગુજરાત પ્રાંત ના યુવા શોર્ય પ્રશિક્ષણ વર્ગ નું આયોજન કરાયું



ગોધરા,
વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ દ્વારા દક્ષિણ ગુજરાત પ્રાંત ના યુવા શોર્ય પ્રશિક્ષણ વર્ગનું આયોજન તા.૬/૫/૨૦૨૨ થી તા.૧૩/૫/૨૦૨૨ દરમિયાન કરવા માં આવ્યું હતું. આ શિબિરમાં દક્ષિણ ગુજરાત પ્રાંત ના વિવિધ જિલ્લાઓ માંથી ૧૩૦ જેટલા યુવાનો આવ્યા હતા જયાં યુવાનો ને શારીરિક અને બૌદ્ધિક સ્તરે મજબૂત કરવા માટે રોજ નિશ્ચિત કાર્યક્રમો રહેતા જેના દ્વારા યુવાનો માં રાષ્ટ્ર ભક્તિ જાગૃતતા આવે અને હિન્દૂ સમાજનું રક્ષણ કરવા માટે સજ્જ થાય, તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ આ યુવા શોર્ય પ્રશિક્ષણ વર્ગ ના સમાપન કાર્ય માં રાષ્ટ્રીય બજરંગદળ સંયોજક સોહનસિંહજી સોલકી, સંત શ્રી રામશરણદાસજી મહારાજ, સંત શ્રી સંત પ્રસાદ મહારાજ, પ્રાંત મંત્રી અજયભાઈ વ્યાસ, પ્રાંત ઉપાધ્યક્ષ વિનોદભાઈ, કેન્દ્રીય પ્રબંધક સમિતિ ના સદસ્ય ડો. નલવાયા સાહેબ, RSS જિલ્લા સંઘચાલક રાજેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ૭ દિવસ દરમિયાન પોતે શીખેલ શારીરિક પ્રાત્યક્ષિત રજુ કર્યું હતું અને આ કાર્યક્રમ માં ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ અને જિલ્લા પંચાયત પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની મીટીંગનું આયોજન થયું



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલમાં બે દિવસ પહેલા નગર વિસ્તારના ગધેડી ફળિયામાં રહેતા એક હિન્દુ સમાજના લગ્ન પ્રસંગના વરઘોડો નિકળ્યો હતો. તે વરઘોડા પર કેટલાક અસામાજિક તત્વો દ્વારા ડી.જે સાઉન્ડને કારણે બે કોમ વચ્ચે બોલાચાલી થતા મામલો ઉગ્ર બન્યો હતો. હિન્દુ સમાજના વરઘોડા પર પથ્થરમારો કરવાથી કાલોલ નગરનો શાંતિપુર્ણ માહોલને ડહોળવાના પ્રયાસ કરી વાતાવરણને ડહોળયું હતું. જોકે, આ છમકલાને લઈ બે સમાજ વચ્ચે હવે પછી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કાલોલ નગરના બન્ને સમાજના આગેવાનોને કાલોલ પોલીસ સ્ટેશન ખાતે બોલાવી નાયબ પોલીસ અધિક્ષક એચ.ડી. રાઠોડની ઉપસ્થિતિમાં કાલોલ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જોકે, પોલીસ દ્વારા બન્ને સમાજના આગેવાનોને કડક સૂચનાઓ આપી કાલોલ નગરમાં શાંતિ જાળવી રાખવા જણાવ્યું હતું.

## ગોધરાની કેવડીયા ગામ પાસે ટેન્કરમાં ચોર ખાનું બનાવી લવાતો ૨૩.૫૮ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો



ગોધરા,
ગોધરા તાલુકાના કેવડીયા ગામની સીમમાં દાહોદ થી ગોધરા તરફ ટેન્કરમાં ઈંગ્લીશ દારૂ લાવી રહ્યા છે. તેવી બાતમીના આધારે ગોધરા તાલુકા પોલીસ અને એલ.સી.બી. પોલીસે નાકાબંધી કરી બાતમીવાળા ટેન્કરને ઝડપી ઈંગ્લીશ દારૂ બીયર ટીન માંથી કિંમત ૨૩,૫૮,૦૦૦/-રૂપીયાનો દારૂ સહિત ૩૩,૬૧,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા રીડર શાખાને બાતમી મળી હતી કે, દાહોદ-ગોધરા હાઈવે રોડ તરફ થી ટેન્કર નંબર જીજે.૧૨.બીવાય. ૨૨૦૬ માં ઈંગ્લીશ દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે ગોધરા તાલુકા પોલીસ અને એલ.સી.બી.પોલીસને બાતમીની જાણકારી આપી હતી. ચોકકસ બાતમીના આધારે તાલુકા પોલીસ અને એલ.સી.બી. પોલીસે કેવડીયા ગામ પાસે સંયુક્ત નાકાબંધી કરી હતી અને બાતમીવાળા ટેન્કરને રોકીને ચેકીંગ કરવામાં આવ્યું હતું. ટેન્કરમાં ચોરખાના બનાવીને લવાતો ઈંગ્લીશ દારૂનો જથ્થામાં પ્રિમીયમ વ્હીસ્કી બોટલ નંગ-૩૭૨ કિંમત ૪,૪૬,૪૦૦/-, મેકડોવેલ્સ વ્હીસ્કી બોટલ નંગ-૨૪૧૨ કિંમત ૧૬,૮૮,૪૦૦/-રૂપીયા, સ્ટ્રોંગ બીયર નંગ-૨૨૩૨ કિંમત ૨,૨૩,૨૦૦/-રૂપીયા કુલ ૨૩,૫૮,૦૦૦/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂ, ટેન્કર અને મોબાઈલ ફોન મળી કુલ ૩,૬૧,૦૦૦/- રૂપીયાનો મુદ્દામાલ મનોહર ધિમારાવ બિસ્નોઈ (રહે. સોનારી સેડવા, રાજસ્થાન)ને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલના તત્કાલીન કલેકટરને એસ.કે. લાંગાને કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરતાં કોર્ટ દ્વારા રિમાન્ડ નામંજુર કરાયા

ગોધરા,
પંચમહાલ જીલ્લાના તત્કાલીન કલેકટર એસ.કે.લાંગા સામે સત્તાના દુરઉપયોગ કરવાના મામલે પોલીસે ૩ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. તે નામંજુર કરવામાં આવી.

પંચમહાલ જીલ્લાના તત્કાલીન કલેકટર એસ.કે.લાંગા વિરૂદ્ધ સત્તાના દુરઉપયોગ કરવાના મામલે આઈ.પી.સી. ૨૧૭,૨૧૮ અને એસીબીની કલમ હેઠળ બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદમાં તત્કાલીન કલેકટર એસ.કે.લાંગાને અગાઉ કોર્ટ દ્વારા આગોતરા જામીન મંજુર કરવામાં આવ્યા હતા. આગોતરા જામીન મંજુર થયા બાદ પોલીસ મથકે હાજર થયેલ તત્કાલીન કલેકટરના રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરી ૩ દિવસના રિમાન્ડની માંગણી કરાઈ હતી. કોર્ટ દ્વારા રિમાન્ડ નામંજુર કરવામાં આવ્યા. સત્તાના દુરઉપયોગના મામલે હાજર થયેલ તત્કાલીન કલેકટરે એસ.કે.લાંગા એ તેમના પર લાગેલા આરોપો ખોટા હોવાનું જણાવ્યું હતું.

## મોરવા(હ)ના નાટાપુર ગામના ૨૪ વર્ષીય યુવાને કુવામાં પડી જતા મોત

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના નાટાપુર મેરાપીયા ફળીયામાં રહેતા ૨૪ વર્ષીય યુવાને કોઇ અગમ્ય કારણોસર કુવામાં પડીને મરણ જતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત મોરવા(હ) તાલુકાના નાટાપુર મેરાપીયા ફળીયામાં રહેતા કલ્પેશભાઈ પ્રવિણભાઈ બારીયા ઉ.વ.૨૪ તા.૧૧ મે ના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘર નજીક આવેલ કુવામાં પડીને આપઘાત કરી મરણ ગયેલ હોય આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.